dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 7 | Issue- 216 | AD - 2024, Vaishakh Sud - 03 | Friday, Dt.10-05-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00



























## ઉંચા ભાડાની લાલચ આપી બારોબાર કાર વેચી નાખવામાં આવતી હતી : અમરેલી એલસીબી પોલીસનો સપાટો

# રૂ.૩.૭૬ કરોડની કારની રીકવરી સાથે ચાર આરોપીઓ ઝડપાયા



### આરોપીઓએ વેચી નાખેલી ૨૮ કાર જપ્ત, ૨૩ કાર માલિકો સાથે છેતરપિંડી આચરાઈ

અમરેલી,તા.૯

રાજયમાંથી મોંઘીદાટ કાર ભાડે લઈ સુરત મેટ્રોના કામમાં ભાડે આપવા માટે કારમાલિકોને વિશ્વાસમાં લઈ તેમની પાસેથી કાર લઈ સુરત ખાતે મેટ્રો કામમાં કાર ભાડે મુકવાને બદલે કારને બારોબાર વેચી નાખવામાં આવતી હોવાની અમરેલી એલસીબીને ફરિયાદ મળી હતી. આ ફરિયાદને ગંભીરતાથી લઈ જિલ્લા પોલીસ વડા હિમકરસિંહ દ્વારા તાત્કાલિક આ ફરિયાદનો નિકાલ લાવવા માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. જેથી અમરેલી એલસીબીએ આ ઘટનાને ગંભીરતાથી લઈ તપાસ શરૂ કરી હતી. અમરેલી એલસીબીને ફરિયાદ મળી હતી કે, લાલજીભાઈ રમેશભાઈ મકવાણા રહે. વિઠ્ઠલપુર ખંભાળીયાને આ કામના આરોપીઓએ વિશ્વાસમાં લઈ પોતાનો આર્થિક ફાયદો થાય તે માટે કાવતરૂં રચી લાલજીભાઈ પાસે નવી મારૂતી સુઝુકી બ્રેઝા કિં.રૂ.૧૪.૫૦ લાખની ખરીદ કરાવી તેને આ કારના ઉંચા ભાડા માટેના સપનાઓ દેખાડી આ કાર સુરતના મેટ્રો કામમાં ભાડે મુકવાનું કહી ગાડી મેટ્રો પ્રોજેકટના કામમાં નહી મૂકીને આ ગાડી બારોબાર દિલ્હી બાજુ કોઈને આપી દીધી હતી.

કુલ ૨૩ સાહેદો સાથે આ પ્રકારની છેતરપિંડી કરવામાં આવી હતી. જેથી રેન્જ આઈ.જી.ગૌતમ પરમાર તેમજ જિલ્લા પોલીસ વડા હિમકર સિંહે આરોપીઓને પકડવા માટે જરૂરી સૂચનાઓ આપતા અમરેલી એલસીબી પી.આઈ. એ.એમ.પટેલની રાહબરી નીચે એલસીબી ટીમ તેમજ તાલુકા પી.આઈ.આર.જી.ચૌહાણએ આ બાબતે અલગ-અલગ ટીમો બનાવી ૨૩ લોકો સાથે છેતરપિંડી કરનાર ચાર આરોપીઓને ગુજરાતના અલગ-અલગ વિસ્તારમાંથી ઝડપી પાડવામાં આવ્યા હતા.

જેમાં અલ્પેશ ઉર્ફે જાડીયો જગદીશચંદ્ર જરીવાલા રહે. રૂસ્તમપુરા, સુરત, મયુર ઉર્ફે સન્ની વસંતભાઈ સાંડીસ, રહે.નાનપુરા સુરત, યોગેશ વિનુભાઈ પટેલ રહે. અમરોલી સુરત, મિત ચંદ્રકાંત રાઠોડ, રહે. અમરોલી સુરત વાળાને ઝડપી પાડી વિવિધ વિસ્તારોમાંથી કાર જપ્ત કરી હતી.



### કઈ રીતે કાર માલિકો સાથે છેતરપિંડી આચરતા તે સામે આવ્યુ

અમરેલી સહિત રાજયના વિવિધ વિસ્તારોમાં કાર માલિકોનો સંપર્ક કરી સુરતના મેટ્રો પ્રોજેકટમાં કાર મુકવાની હોય ઉંચા ભાડાની લાલચ આપતા હતા. આ છેતરપિંડીમાં સુરતમાં રહેતા અલ્પેશ જરીવાલા, મયુર સાંડીસ, યોગેશ પટેલ અને મીત રાઠોડ નામના શખ્સોની આ રેકેટમાં સંડોવણી ખુલી છે. મયુર સાંડીસ નામના શખ્સનું અમરેલી કનેકશન હોય તે અમરેલીના કારમાલિકોને સુરતના મેટ્રો પ્રોજેક્ટ માટે કારની જરુરિયાત હોય ભાડે મેળવવા માટે ઊંચા ભાડાની લાલચ આપતો હતો. આરોપીઓ કાર ભાડે મેળવ્યા બાદ બે ત્રણ મહિના સુધી કાર માલિકોને ભાડાની ચૂકવણી પણ કરતા હતા. પરંતુ, બાદમાં કારને ત્રીજા વ્યકિતને સસ્તા ભાવે વેચી નાખતા અથવા તો ગિરવે મૂકી પૈસા લઈ લેતા હતા. ત્યારબાદ કારના મૂળ માલિકોને ભાડુ આપવાનું બંધ કરી દેતા હતા. જેથી કાર માલિકને પોતે છેતરાયા હોવાનું માલુમ થતા તેઓએ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી.

### આરોપી મયુર સાંડીસ અમરેલીના લોકો પાસેથી કાર મેળવતો

રાજયમાંથી ઉંચા ભાડા પર કાર લઈ કારમાલિકો સાથે લાખો રૂપિયાની છેતરપિંડીમાં અમરેલીનું કનેકશન પણ સામે આવ્યુ છે. જેથી આ બાબતે અમરેલી પોલીસે આ કાર કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. અમરેલી એલસીબી પોલીસની તપાસમાં ભાડા પર કાર મેળવી બારોબાર વેચી નાખવાના અથવા ગિરવે મૂકી દેવાના રેકેટમાં કુલ ચાર આરોપીઓની સંડોવણી ખુલી છે જેનો માસ્ટર માઈન્ડ અલ્પેશ જરીવાલા છે. જ્યારે મયુર સાંડીસ નામનો શખ્સ હાલ સુરતમાં રહે છે પરંતુ, તેનું અમરેલી કનેકશન છે. મયુર જ અમરેલીના લોકો પાસેથી કાર મેળવી અલ્પેશને પૂરી પાડતો હોવાનું સામે આવ્યું છે. જ્યારે યોગેશ પટેલ અને મીત રાઠોડ બંને અલ્પેશની ઓફિસમાં કામ કરતા હોવાનું સામે આવ્યું છે. વિઠ્ઠલપુર ખંભાળીયાના કાર માલિક લાલજીભાઈ મકવાણા આ છેતરપિંડીનો ભોગ બન્યા હોવાથી તેમણે આ બાબતે અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જેથી પોલીસે આ ફરિયાદની ગંભીરતા સમજી આખા રેકેટનો પર્દાફાશ કર્યો છે.

### અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ બાદ પોલીસનો સપાટો

અમરેલીના વિઠ્ઠલપુર ખંભાળીયાના લાલજીભાઈ મકવાણાએ પોતાની કાર મારૂતી સુઝુકી બ્રેઝા કાર ભાડે આપ્યા બાદ તેમની સાથે છેતરપિંડીની ફરિયાદ નોંધાવ્યા બાદ અમરેલી પોલીસ એક્ટિવ થઈ હતી. આ ફરિયાદમાં અન્ય ભોગ બનનારા ૨૩ સાહેદો પણ છે. સુરતમાં રહેતા લોકોએ અમરેલીથી કાર મેળવ્યા બાદ ગુજરાતના અલગ અલગ શહેરો ઉપરાંત અન્ય રાજ્યોમાં વેચી નાખી હતી. જેથી પોલીસે એક બાદ એક કાર કબજે કરી હતી. અત્યાર સુધીમાં પોલીસે ૨૮ કાર જપ્ત કરી છે. જેની કિંમત પોણા ચાર કરોડ રૂપિયા થવા જાય છે. રાજયમાં વિવિધ શહેરોમાંથી પણ કાર ભાડે લઈ કાર માલિકો સાથે છેતરપિંડી આચરવામાં આવી હોવાનું જાણવા મળ્યુ હતું. જો કે અમરેલી એલસીબીએ સપાટો બોલાવી કુલ ચાર આરોપીઓને ઝડપી પાડયા હતા. આરોપીઓ સામે કાર્યવાહી બાદ અન્ય પોલીસ સ્ટેશનમાં પણ ફરિયાદ હોવાથી તપાસ હાથ ધરવામાં આવશે.

### પકડાયેલા આરોપીઓનો ગુનાહિત ઈતિહાસ


અમરેલી એલસીબીએ કાર કૌભાંડમાં પકડેલા ચાર આરોપીઓ ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. કાર કૌભાંડના માસ્ટરમાઈન્ડ અલ્પેશ જરીવાલા સામે કુલ ૧૫ ગુના નોંધાયેલા છે. જેમાં પ્રોહિબિશનના ૮, છેતરપિંડીના ૨, મારામારીનો ૧, જુગારના ૨, ચોરીનો ૧ અને આર્મ્સ એક્ટના ૧ ગુના સહિત કુલ ૧૫ ગુના નોંધાયેલા હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. તો અન્ય આરોપી મયુર સાંડીસ સામે નવસારી પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન તેમજ અઠવાલાઈન્સમાં પણ પ્રોહિબિશનનો ગુનો નોંધાયેલો છે. આરોપી યોગેશ પટેલ સામે અઠવાલાઈન્સમાં જુગારધારાનો ગુનો નોંધાયેલો છે. આરોપી મીત રાઠોડ સામે સુરતમાં પ્રોહિબિશનનો ગુનો નોંધાયેલો છે.

### છ મહિનાથી આ કૌભાંડ ચાલતુ હોવાનું પોલીસનું અનુમાન

અમરેલી સહિત રાજયના વિવિધ શહેરોમાંથી કાર માલિકોને ઉંચા ભાડાની લાલચ આપી કાર મેળવી લીધા બાદ કારને અન્ય રાજયોમાં વેચી નાખવામાં આવતી હતી. જો કે આ અંગે પોલીસે જણાવ્યું હતું કે કાર ખરીદનાર જયારે કાર ટ્રાન્સફર કરવાનું કહેતા આરોપીઓ તેને ત્રણ મહિનામાં કાર ટ્રાન્સફર કરી આપવામાં આવશે તેવી હૈયાધારણા આપતા હતા. આ પહેલા આરોપીઓએ કુલ કેટલી કાર બારોબાર વેચી નાખી છે તેની પણ તપાસ કરવામાં આવી છે. આ કૌભાંડમાં કોઈ આરટીઓનો કર્મચારી સામેલ છે કે કેમ? તેની પણ તપાસ શરૂ કરવામાં આવશે. આ સમગ્ર કૌભાંડ છ મહિનાથી આચરવામાં આવતું હોવાનું પોલીસનું અનુમાન છે.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)
વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

Hero
DUNIYA KI SARVOTTAM Fi ENGINE TECHNOLOGY
AB HAR HF DELUXE MEIN.



નવનીત ઓટો સેન્ટર
ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ,
અમરેલી ફો.૭૫૭૪૮૨૭૩૦૦

મુકેશ સંઘાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંઘાણી 98242 33314
હાઈડ્રોલીક લીફટ નંગ - ૨ વેચવાની છે સંપર્ક કરો
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીગ • ઈન્શયુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ
શ્રેષ્ઠ ગ્રાહક સેવા
ગુણવતાયુકત કામ
પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

## ધો.૧૨ સાયન્સમાં સમગ્ર રાજયમાં અમરેલી ઓક્સફર્ડ સ્કૂલનો દબદબો

# સતત ત્રીજા વર્ષે ઓક્સફર્ડ સ્કૂલ ઓફ સાયન્સ જિલ્લામાં પ્રથમ ક્રમે

અમરેલી, તા.૯

અમરેલી જિલ્લામાં શિક્ષણક્ષેત્રે ડંકો વગાડતી ઓક્સફર્ડ સ્કૂલે ફરી એકવાર શિક્ષણ ક્ષેત્રે પોતાનો દબદબો જાળવી રાખ્યો છે. ધો.૧૨માં શરૂઆતથી વિદ્યાર્થીઓ પર સતત દેખરેખ અને સમયાંતરે લેવાતી પરીક્ષાઓને કારણે વિદ્યાર્થીઓએ બોર્ડની પરીક્ષામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યુ છે. છેલ્લાં ઘણા સમયથી ઓકસફર્ડ સ્કૂલ ઓફ સાયન્સે સમગ્ર જિલ્લામાં શિક્ષણ ક્ષેત્રે પોતાનું એકહથ્થુ શાસન જાળવી રાખ્યું છે. ગઈકાલે માધ્યમિક શિક્ષણબોર્ડ દ્વારા વિજ્ઞાનપ્રવાહનું પરિણામ જાહેર થયું જેમાં અમરેલી શહેરની નામાંકિત ઓક્સફર્ડ સ્કૂલ ઓફ સાયન્સ ધો.૧૨ સાયન્સ પરિણામમાં સમગ્ર અમરેલી જિલ્લામાં પ્રથમ ક્રમે આવેલ છે. તેમજ બોર્ડ પરીક્ષામાં વોરા કૃપા ૯૯.૯૪ P.R. મેળવી સમગ્ર અમરેલી જિલ્લામાં પ્રથમક્રમે આવેલ છે. આ બોર્ડ પરિણામમાં સંસ્થાના કુલ ૬ વિદ્યાર્થીઓએ A1 ગ્રેડ મેળવેલ છે. તેમજ કુલ ૩૪ વિદ્યાર્થીઓએ સાયન્સમાં A1 ગ્રેડ મેળવેલ છે.



ઉપરાંત ૩૭ વિદ્યાર્થીઓએ A2 ગ્રેડ અને ગુજકેટ પરીક્ષામાં ૪૦ વિદ્યાર્થીઓએ ૧૦૦ થી વધુ ગુણ મેળવેલ છે. જે અત્યાર સુધીના અમરેલી જિલ્લાના ધો.૧૨ Sci. ના પરિણામમાં સૌથી વધારે છે. ઉપરાંત ધો.૧૨ કોમર્સ પરિણામમાં સંસ્થાના કુલ ૫ વિદ્યાર્થીઓએ A1 ગ્રેડ મેળવી સંસ્થાનું નામ રોશન કરેલ છે. ધો.૧૨ કોમર્સમાં સંસ્થાનું પરિણામ ૯૬% આવેલ છે. જ્યારે ધો.૧૨ સાયન્સનું પરિણામ ૯૭% આવેલ છે. ઉપરોક્ત શ્રેષ્ઠ પરિણામ મેળવનાર તમામ વિદ્યાર્થીઓને શાળા પરિવાર અભિનંદન પાઠવે છે.

### ગુજકેટની પરીક્ષામાં ઓક્સફર્ડ સ્કૂલ સમગ્ર રાજયમાં અવ્વલ

અમરેલી જિલ્લામાં શિક્ષણક્ષેત્રે ડંકો વગાડનારી ઓકસફર્ડ સ્કૂલના વિદ્યાર્થીએ સમગ્ર રાજયમાં અમરેલીનું નામ રોશન કર્યુ છે. ઓક્સફર્ડ સ્કૂલ ઓફ સાયન્સના વિદ્યાર્થી જેનીશ દેવગણીયાએ ગુજકેટની પરીક્ષામાં ૧૨૦માંથી ૧૨૦ ગુણ મેળવી સમગ્ર રાજયમાં પ્રથમ ક્રમાંક મેળવ્યો છે. પ્રથમ ક્રમાંક મેળવવા બદલ વિદ્યાર્થી પર અભિનંદનની વર્ષા થઈ રહી છે.

# વૈકલ્પિક વ્યવસ્થાની માંગ સાથે દેવીપૂજક સમાજનું આવેદનપત્ર

અમરેલી, તા.૯

અમરેલીમાં દેવીપૂજક સમાજના ઘરને તંત્ર દ્વારા તોડી પાડવાની નોટીસ મળી છે ત્યારે તેના બદલામાં વૈકલ્પિક જગ્યા ફાળવવાની માંગ કરતું આવેદનપત્ર કલેક્ટરને આપ્યું છે. આવેદનપત્ર અનુસાર સાવરકુંડલા રોડ પર ગુજકોની પાછળ ગોકુલ નગર છે જ્યાં અંદાજે ૨૫થી ૩૦ ઘર દેવીપૂજક સમાજનાં



છે. જેમના ઘર તંત્ર દ્વારા તોડી પાડવા માટે નોટીસ ફટકારવામાં આવી છે. ત્યારે દેવીપૂજક સમાજે મકાનના બદલામાં વૈકલ્પિક જગ્યા ફાળવવામાં આવે તો ઘર ખાલી કરવાની તૈયારી બતાવી છે. દેવીપૂજક સમાજે સામાજિક આગેવાન ભરત કાતરીયાની આગેવાનીમાં કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું. જેના જવાબમાં કલેક્ટર અજય દહીયાએ વૈકલ્પિક જગ્યા માટે પૂરતો પ્રયત્ન કરવાની વાત કહી હતી.

# ગરમીની વિપરિત અસરોથી બચવા માટે જિલ્લા આરોગ્ય તંત્રની માર્ગદર્શિકા

અમરેલી તા.૦૯

ઉનાળામાં અસહ્ય ગરમીને કારણે આરોગ્ય પર થતી વિપરિત અસરોથી બચવા (લુ લાગવાથી) માટે તકેદારીના પગલા ભરવા આવશ્યક છે. હાલમાં રાજ્યમાં ગરમીનું પ્રમાણ વધી રહ્યું છે. તાપમાનમાં વધારો જોવા મળી રહ્યો હોય છે જે વધુ પડતી ગરમી મનુષ્યના આરોગ્ય માટે હાનિકારક છે. આરોગ્ય પર થતી આ વિપરીત અસરોથી બચવા યોગ્ય પગલાઓ લેવાના રહે છે. ગરમીમાં બને ત્યાં સુધી બહાર જવાનું ટાળવું. ઉનાળાની ઋતુ દરમ્યાન ખુલતા, સફેદ, સુતરાઉ કપડા પહેરવા જોઈએ. નાના બાળકો, સગર્ભા માતાઓ, વૃધ્ધો તથા અશક્ત વ્યક્તિઓએ બને ત્યાં સુધી તડકામાં ફરવું નહી. દિવસ દરમ્યાન પુષ્કળ માત્રામાં પાણી અને લીંબુ શરબત સહિતનું પ્રવાહી પીતા રહેવું. ગરમીની ઋતુ દરમિયાન બને ત્યાં સુધી ભૂખ્યા ન રહેવું. માથાનો દુઃખાવો થવો, બેચેની થવી, ચક્કર આવવા, ઉબકો કે તાવ આવે તો નજીકના દવાખાના કે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કે હોસ્પિટલમાં ડોક્ટરની સલાહ અને સારવાર વિના વિલંબે તરત લેવી. હિટવેવને લગતા એલર્ટની વખતો વખતની સૂચનાઓને અનુસરવાની અને ગરમીથી બચવા સાવધ રહેવું. શ્રમકાર્યમાં જોડાયેલા હોય તેવા શ્રમિક વર્ગને સન સ્ટ્રોક(લુ) ની અસરોથી બચવા માટે ખાસ ધ્યાન રાખવાનું રહે છે. તેમણે ગરમીથી બચવાના ઉપાયો અનુસરવાના રહે છે, તેમ અમરેલી મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ અખબારી યાદીમાં જણાવ્યું હતુ.





AIR CONDITIONERS | AIR PURIFIERS | REFRIGERATORS | WASHING MACHINES | MICROWAVE OVENS | DISHWASHERS | COMMERCIAL REFRIGERATION | AIR COOLERS

Visit us at: voltasbeko.com | Follow us at | @VoltasBeko | Voltas Beko | Voltas Beko | VoltasBeko 24 X 7 Customer Care No: 9818994444
For product registration, SMS<VB> to 56677 | Email: wecare@voltasbeko.com | www.voltasbeko.com/storelocator
Buy online at: www.voltas.com

Visit us at www.myvoltas.com To locate your nearest store, log on to: www.myvoltas.com/store-locator | Voltas 24x7 Customer Service - 1860 599 4555, 9650694555 For product registration, SMS <WTA> to 9289525321 Buy only genuine Voltas stabilizers. | Follow us at My Voltas My Voltas My Voltas Voltas Limited My Voltas

વોલ્ટાસ ઓથો. ડિસ્ટ્રીબ્યુટર A/C, Air Cooler, Commercial Ref., Home Appliances
એવરેસ્ટ ટ્રેડર્સ (રેફ્રિજરેશન) મો. ૯૮૨૫૩૩૫૬૪૫ સર્વિસ નં. ૭૦૧૬૩૫૭૫૬૭
કેરીયા રોડ, નાગરિક બેંકની પાસે, પોસ્ટ ઓફિસની સામે, અમરેલી. ફોન.૦૨૭૯૨-૨૨૦૬૮૪

સંકુલ BA-B.Com.-BBA-BCA-B.Sc.-B.Ed. પ્રવેશ
MA-M.Com.-M.Sc.-MBA-MCA-ફાર્મસી-DMLT પ્રવેશ
★B.Sc. & M.Sc. – માઈક્રોબાયોલોજી – બાયોટેક્નોલોજી – (બાયોકેમેસ્ટ્રી)
★BA & MA – સાયકોલોજી – સોસીયોલોજી – ઈંગ્લીશ – ગુજરાતી મિડીયમ
★B.Com & M.Com બન્ને મિડીયમ ★BBA & MBA - BCA & MCA
★B.Ed. – ગણિત વિજ્ઞાન – એકાઉન્ટ કોમર્સ – ઈંગ્લીશ – ગુજરાતી – સંસ્કૃત
★PG - DMLT માં B.Sc. માઈક્રો – BC – ઝૂલોજી – કેમેસ્ટ્રી ને પ્રવેશ મળશે.
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:- શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(લેઉવા પટેલ), ચક્કરગઢ રોડ - Ad 018

સંકુલ નું ગૌરવ – ધો. ૧૨ કોમર્સ ઉચ્ચ પરિણામ

| વિગત | ગુ.મી. | ઈ.મી. | કુલ |
|---|---|---|---|
| ધો.–૧૨ કોમર્સ A1 ગ્રેડ | 16 | 03 | 19 |
| ધો.–૧૨ કોમર્સ A2 ગ્રેડ | 107 | 34 | 141 |
| ધો.–૧૨ કોમર્સ પરિણામ | 92% | 99% | 96% |
| ધો.–૧૨ કોમર્સ 95 UP PR | 57 | 16 | 73 |
| ધો.–૧૨ કોમર્સ 90 UP PR | 105 | 32 | 137 |

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:- શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(લેઉવા પટેલ), ચક્કરગઢ રોડ - Ad 019


## અવસાન નોંધ

**ચલાલા**

સ્વ. રાજદેવભાઈ મેરામભાઈ બારોટનું તા. ૮/૫/૨૪ ના રોજ દુઃખદ અવસાન ચલાલા મુકામે થયેલ છે. તે બળદેવભાઈ તથા ચેતનભાઈના પિતાશ્રી, તેમજ બાબુભાઈ, ધીરૂભાઈ, પ્રફુલભાઈ, નીતિનભાઈના મોટાભાઈ થાય છે.


॥ બજરંગ સ્ટીલ ॥
અમારે ત્યાંથી દરેક કંપનીનાં ISI Tmt લોખંડ (સળીયા), સિમેન્ટ, પતરા, ગેલ્વેનાઈઝ પાઈપ, બાઈન્ડીંગ વાયર, ખીલીઓ તેમજ બિલ્ડીંગ રો મટીરીયલ્સ વ્યાજબી ભાવથી મળશે
સ્થળ: લાઠી રોડ બાયપાસ, લાલાવાવ હનુમાનજી મંદિરની સામે, અમરેલી
અતુલભાઈ વી. ધામત (લીલીયાવાળા) મો.૯૪૨૮૭ ૧૧૯૧૨

અમરેલીની એકમાત્ર સ્પેશ્યલ કોમર્સ સ્કૂલ
એકલવ્ય કોમર્સ 100% કોમર્સ
ધોરણ ૧૧-૧૨ કોમર્સ (ગુજરાતી માધ્યમ)
શું કામ Special Commerce તો આ રહી અમારી વિશેષતાઓ:
■ દરેક વિષયનો સરળતાથી અને શ્રેષ્ઠ અભ્યાસ કરાવી શકે તેવા અનુભવી શિક્ષકોની ટીમ
■ ધોરણ ૧૧/૧૨ માં દરેક વિષયનું ૯૦૦ માર્કસનું પરીક્ષાલક્ષી અતિ મહત્વનું મટીરીયલ
■ છેલ્લા ૧૬ વર્ષના બોર્ડનાં પેપરોનું સોલ્યુશન તથા ડેઈલી ટેસ્ટ, વિકલી ટેસ્ટ, રીપીટેડલી ટેસ્ટ
અમરેલી જીલ્લામાં સૌપ્રથમ સ્માર્ટ બોર્ડ દ્વારા ડિઝિટલ એજ્યુકેશન આપતી એકમાત્ર કોમર્સ સ્કૂલ

ધો. ૧૦ P.R. આધારીત સ્કોલરશીપ


| ધો. ૧૦ P.R. | ફી માફી |
|---|---|
| 95 થી ઉપર P.R. | 25% |
| 90 થી 95 P.R. સુધી | 20% |
| 85 થી 90 P.R. સુધી | 15% |
| 65 થી 85 P.R. સુધી | 10% |
| 50 થી 65 P.R. સુધી | 05% |

ડિજિટલ કોમર્સ
બહારગામથી આવતા વિદ્યાર્થીઓ માટે વાહનની વ્યવસ્થા ઉપલબ્ધ...
સ્પર્ધાત્મક પરીક્ષાના માર્ગદર્શન માટે વિકલી લેકચર...
વિદ્યાર્થીઓને યુનિફોર્મ, પાઠયપુસ્તક તેમજ મટીરીયલ સ્કૂલ દ્વારા આપવામાં આવશે.
અમરેલી જીલ્લામાં એકમાત્ર ધોરણ-૧૧ કોમર્સથી CA Foundation ની તૈયારી કરાવતી સંસ્થા...
એડમિશન મેળવવા માટે તુરંત જ સંપર્ક કરો...
નિકુંજ ગઢવાલા ૯૧૦૬૬ ૩૪૪૨૬ | ભરત સાવલીયા ૯૯૭૯૪ ૪૯૬૪૯ | લાઠી રોડ, કાર વર્લ્ડની પાછળ, નારાયણ નગર, અમરેલી.

વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

એડમિશન ચાલુ છે
ધો. ૧૦ અને ૧૨ પછી સરકારી નોકરી અપાવતા કોર્ષ
SI
ફાયર સેફટી
ANM
GNM
BSC
PBSC
D.PHARM
SC ST વિદ્યાર્થીને સ્કોલરશીપ
ધો. ૧૦, ૧૨ નાપાસ વિદ્યાર્થી NIOS બોર્ડ માં પરીક્ષા આપી ઉજ્વળ ભવિષ્ય બનાવો
વધુ માહિતી માટે
અમરેલી, ભાવનગર, ગાંધીનગર, જૂનાગઢ, અમદાવાદ
LAKSHYA
લક્ષ્ય એજ્યુકેશન અમરેલી
7043819956
lakshyaeducationamreli@Gmail.com
https://lakshyaeducation.org.in/

KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય, સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.
નિર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨
શ્રી વલ્લભ એન્ટરપ્રાઇઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીનાં કોઈ અસર નહિ
પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે
ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી





## :: જાહેર નોટીસ ::

આ જાહેર નોટીસ આપી જાહેર જનતાને જાણ કરવામા આવે છે કે, અમરેલી જીલ્લાના કુંડલા ગામેનાં સીટી સર્વે નં. ૧૧૫૦ ની ક્ષેત્રફળ ૯૫૭.૫૯ ચો. મી. સત્તાપ્રકાર ‘‘એ’ વાળી રહેણાંકીય હેતુ માટેની સ્થાવર મિલ્કત ‘‘ ગુજરાત ભવન’’ વાળી અમારા અસીલના પિતા જયંતિલાલ રૂગનાથભાઈ દોશી તથા માતા સ્વ. જ્યોતિબેન જયંતિલાલ દોશીના સંયુક્ત નામે ચાલે છે.

અમારા અસીલ તે કુલ ત્રણ ભાઈઓ તથા ચાર બહેનો છે. જે સ્થાવર મિલ્કતમાં અમારા અસીલનો ઉપરોક્ત વિગતો જોતા કાયદેસરનો હક્ક, હિસ્સો તથા અધિકાર સંકળાયેલો છે. જે મિલ્કત અમારા અસીલના પિતા ગેરકાયદેસર તથા બીન અધિકૃત રીતે અન્ય ત્રાહિત આસામીઓ કે અન્ય ને વેચાણ, ગીરો, બક્ષીસ, બાનાખત કે અન્ય હરકોઈ રીતે મિલ્કતનું ટ્રાંજેકશન થાય તે રીતે કાર્યવાહી કરી રહેલ છે.તેવી હકીકતો અમારા અસીલની જાણમાં આવેલ છે.

તો જાહેર જનતાને આ જાહેર નોટીસ આપી ચેતવણી આપવામાં આવે છે કે, સદર મિલ્કત પરત્વે જાહેર જનતા કે અન્ય કોઈએ અમારા અસીલની પુર્વ પરવાનગી લેખીતમાં લીધા સિવાય કોઈ વ્યવહારો કરવા કે કરાવવા નહી કે મિલ્કતનું ત્રાંજેકશન થાય તે રીતે ઉપરોક્ત વિગતે કોઈ કાર્યવાહી કરવી કે કરાવવી નહી. જો તે સંદર્ભે કોઈ દુષિત કાર્યવાહી કરવામા આવશે તો અમારા અસીલ સંદર્ભકર્તા અસામીઓ સામે ફોજદારી રાહે તેમજ અન્ય રાહે કાનૂની કાર્યવાહી હાથ ધરશે. જેની તાકીદની અસરથી ગંભીરપ્રકારની સ્પષ્ટ નોંધ લેશો.

**સાવરકુંડલા** — **આર.એમ. નસિત**
**તા.૧૦/૦૫/૨૦૨૪** — **સિનીયર એડવોકેટ - સાવરકુંડલા**

અમારા અસીલ તે સંજય જયંતિલાલ દોશી રહે. મુંબઈ વાળાની સ્પષ્ટ સલાહ તેમજ સુચના અનુસાર

## -//સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ, અમરેલીની કોર્ટમાં, અમરેલી//-

અપીલ રજી નં.૭૮ /૨૦૨૪

**અરજદાર** :- શ્રી મોહનભાઈ રવજીભાઈ સુરાણી
રે. કેરીયાચાડ, તા.જિ.અમરેલી

-: વિરૂધ્ધ :-

**સામાવાળા** :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ.કેરીયાચાડ, તા.જિ.અમરેલી

### ::જાહેર નોટીસ::

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના કેરીયાચાડ ગામના મોહનભાઈ રવજીભાઈ સુરાણી તેઓની પુત્રી શિલ્પાબહેન મોહનભાઈ સુરાણી જન્મ તા.૦૧/૦૪/૧૯૭૬ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૯/૦૫/૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી,**
**સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ**
**અમરેલી.**

### સંસ્થાના પ્રમુખ સહિતે વિદ્યાર્થીઓ પર અભિનંદનની વર્ષા કરી

# એચ.એસ.સી.બોર્ડમાં ગજેરા વિદ્યાસભા સ્કૂલનું ઝળહળતું પરિણામ

અમરેલી, તા.૯

ગુજરાત બોર્ડનું ધો.૧૨નું વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં અમરેલીની શ્રીમતી એચ.એસ. ગજેરા વિદ્યાસભા હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ શ્રેષ્ઠ પરિણામ જાળવી રાખ્યું છે. ગજેરા સ્કૂલના વિદ્યાર્થીઓએ સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહમાં એ-વન ગ્રેડ સાથે અમરેલી જિલ્લામાં શ્રેષ્ઠ પરિણામનો દબદબો જાળવી રાખ્યો છે. સૌરાષ્ટ્રમાં સૌથી ઓછી ફીમાં ઉત્તમ શિક્ષણ સાથે અત્યાધુનિક ટેકનોલોજીથી અભ્યાસ અને અનુભવી તથા નિષ્ણાત શિક્ષકોની ટીમ દ્વારા સતત માર્ગદર્શનના કારણે વિદ્યાર્થીઓએ ઝળહળતું પરિણામ પ્રાપ્ત કરી શાળાનું નામ રોશન કર્યું છે. આ સંસ્થામાં વિશાળ ઈન્ફ્રાસ્ટ્રકચર સ્માર્ટ કલાસ દ્વારા શિક્ષણ, આધુનિક લેબ, રોબોટિકસ લેબ, રમતગમતમાં રાજય અને રાષ્ટ્રીય કક્ષાએ પણ અહીંના વિદ્યાર્થીઓ અવ્વલ આવેલ છે.



વિદ્યાર્થીઓને શાંત અને અનુકૂળ વાતાવરણમાં શિક્ષણ અને સંસ્કાર દ્વારા બાળકોની શ્રેષ્ઠ કારકિર્દીનું ઘડતર કરવામાં સંસ્થા મહત્વનું યોગદાન આપી રહી છે. વિજ્ઞાન પ્રવાહમાં શાળામાં પ્રથમ અને જિલ્લામાં તૃતીય કચ્છી પ્રિન્સ ૯૯.૭૦ પીઆર તેમજ ઓઝા સિધ્ધાર્થે ગણિતમાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ મેળવ્યા છે, જયારે સામાન્ય પ્રવાહમાં ટાંક મિતુલએ ૯૯.૫૭ પીઆર મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે. ગુજરાત બોર્ડનું ૨૦૨૩-૨૪નું વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ૮૨.૪૫ ટકા અને સામાન્ય પ્રવાહનું પરિણામ ૯૧.૯૩ છે.

ત્યારે અમરેલી જિલ્લાનું શાંતાબેન હરિભાઈ ગજેરા ઉ.મા. અમરેલીનું વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ૯૫.૩૭ ટકા અને સામાન્ય પ્રવાહનું પરિણામ ૯૪.૮૨ ટકા છે. આ ઝળહળતી સફળતા પ્રાપ્ત કરવા બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, મંત્રી ચતુરભાઈ ખુંટ, કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણી તેમજ પ્રિન્સીપાલ, સ્ટાફગણે વિદ્યાર્થીઓને ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા છે અને ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભેચ્છા પાઠવી હતી.

### સાસુ સાથે ઝઘડો થતો હોવાથી પુત્રવધૂએ અમદાવાદથી માતાને બોલાવી ઘટનાને અંજામ આપ્યો

# સા.કુંડલામાં મહિલાની હત્યા પુત્રવધૂ અને વેવાણે કરી હોવાનો ઘટસ્ફોટ



સાવરકુંડલા,તા.૯

સાવરકુંડલાની ફ્રેન્ડ સોસાયટીમાં ગઈકાલે વિપ્ર મહિલાની હિચકારી હત્યાનો બનાવ બનતા સમગ્ર શહેરમાં ખળભળાટ મચી જવા પામ્યો હતો. મહિલાની હત્યાના સમાચાર મળતા જ પોલીસ પણ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. જો કે બનાવમાં પુત્રવધૂ અને તેની માતાએ હત્યા કરી હોવાનું સામે આવતા ચકચાર મચી જવા પામી છે. પોલીસે હત્યા અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, બીનાબેન પાઠક તેમના એકના એક પુત્ર વૈભવ સાથે રહેતા હતા. વૈભવ રાજુલા બેન્કમાં નોકરી કરતો હોવાથી ઘરે હાજર નહોતો ત્યારે વૈભવની પત્ની અને બીનાબેનની પુત્રવધૂ શ્વેતાએ અમદાવાદથી તેમની માતાને બોલાવ્યા હતા. જો કે તેમની માતા સોનલબેન શાસ્ત્રી અને બીના બંનેના મનમાં કંઈક અલગ જ કાવતરૂ રચાતુ હતું. ગત તા.૮ના રોજ રાત્રીના સમયે શ્વેતા અને તેમની માતા સોનલબેને બીનાબેનની આંખમાં મરચાની ભૂકી નાખી કટરથી માતા-પુત્રીએ બીનાબેનની ડોક અને માથાના ભાગે કટર ફેરવી નિર્મમ હત્યા કરી નાખી હતી. હત્યા કર્યા બાદ પુત્ર વૈભવ નોકરી પરથી પરત આવતા તેમના પર મરચાની ભૂકી નાખી હત્યાનો પ્રયાસ કરતા વૈભવ નાસી ગયો હતો. પોતાની માતાની હત્યા થઈ હોવાની જાણ થતા તાત્કાલિક પોલીસને જાણ કરી હતી. જો કે માતા-પુત્રીએ આ હત્યા તેના પુત્રએ કરી હોવાનું જણાવ્યુ હતું. પોલીસને શંકા જતા માતા-પુત્રીની કડક પૂછપરછ કરતા આ હત્યા કરી હોવાનું જણાવ્યું હતું. આ અંગે આરોપી પુત્રવધૂએ જણાવ્યું હતું કે લગ્નના થોડા સમયમાં જ સાસુ બીનાબેન સાથે ઝઘડા થતા હતા જેથી તેમણે અમદાવાદ રહેતા પોતાની માતાને બોલાવ્યા હતા અને હત્યાના ઈરાદે જ માતા સોનલબેન સાથે કટર લઈને આવ્યા હતા અને આ ઘટનાને અંજામ આપ્યો હતો. આમ, મહિલાની હત્યામાં પુત્રવધૂ અને વેવાણનો જ હાથ હોવાનો ઘટસ્ફોટ થયો હતો.

# અમરેલીમાં પરશુરામના પ્રાગટ્ય ઉત્સવ નિમિત્તે આજે શોભાયાત્રા

અમરેલી,તા.૯

અમરેલીમાં ભગવાન પરશુરામના પ્રાગટ્ય ઉત્સવ નિમિત્તે પરશુરામ ધામ - અમરેલી દ્વારા સહિયારી શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. ૧૦ મેના રોજ સાંજે ૫ કલાકે નાગનાથ મહાદેવ મંદિરથી આ શોભાયાત્રા નીકળશે, જે પરશુરામ ધામ સુધી જઈને સમાપન પામશે. પરશુરામ ધામ - અમરેલી દ્વારા તમામ લોકોને ભગવાન પરશુરામ જન્મોત્સવ શોભાયાત્રામાં જોડાવા આહ્‌વાન કર્યું છે. આ શોભાયાત્રાનું જિલ્લાના વિવિધ શહેરોમાં પણ આયોજન કરાયું છે. સાંજના ૫:૦૦ કલાકે નીકળનારી આ શોભાયાત્રા પૂર્વે સવારે ૮ કલાકે પરશુરામદાદાનું પૂજન, બપોરે ૧૨ કલાકે પરશુરામધામ ખાતે આરતી તથા અન્નકુટના દર્શન તેમજ સાંજના સમયે ભવ્ય શોભાયાત્રા નીકળશે. આ શોભાયાત્રા નાગનાથ મંદિરથી નીકળી રાજકમલ ચોક, લક્ષ્મીનારાયણ મંદિર, એસ. ટી. ડેપો થઈ રેલ્વે સ્ટેશન પાસે આ શોભાયાત્રાનું સમાપન થશે. પરશુરામધામ ખાતે મહાઆરતીનું પણ આયોજન કરાયું છે. આ શોભાયાત્રાને સફળ બનાવવા સમસ્ત બ્રહ્મ સમાજ, યુવા પાંખ, મહિલા પાંખ, જિલ્લા પાંખ દ્વારા છેલ્લાં ઘણા દિવસોથી તડામાર તૈયારીઓ કરવામાં આવી હતી. આ તમામ લોકોને બ્રહ્મસમાજ દ્વારા શોભાયાત્રામાં જોડાવા માટે જણાવાયુ છે.




# લીલીયામાં ભગવાન પરશુરામનો જન્મોત્સવ ભવ્યતાથી ઉજવાશે

અમરેલી,તા.૯

અમરેલી જિલ્લાનાં લીલીયા મોટા મુકામે ૧૦ મેના રોજ લીલીયા તાલુકા સમસ્ત બ્રહ્મસમાજનાં ઉપક્રમે ભગવાન પરશુરામ જન્મોત્સવની ભવ્યતાથી ઉજવણી કરવામાં આવશે. જેમાં બપોરનાં ૩:૩૦ કલાકે ભીડભંજન મહાદેવ મંદિરથી બાઈક રેલી પ્રસ્થાન થશે અને લાઠી રોડ પર આવેલ વડવાળા મંદિરે પહોંચી ૪:૩૦ કલાકે પૂજન વિધિનું કાર્ય કરી, રાસ-ગરબામાં બ્રહ્મ બંધુઓ સંગીતના તાલે ઝૂમી ઉઠશે. ત્યારબાદ શોભાયાત્રા શરૂ થઈને ગાયત્રી મંદિરે પહોંચશે. સાંજનાં સમયે ઉપસ્થિતિ સૌ બ્રહ્મ બંધુઓ સમૂહમાં ભોજન-પ્રસાદ આરોગશે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: ત્રીજ
તા. ૧૦-૦૫-૨૦૨૪, શુક્રવાર, સૂર્યોદય-૦૫:૩૩,
સૂર્યાસ્ત-૦૭:૦૨, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: રોહિણી

## દૈનિક રાશિફળ

તા.૧૦-૦૫-૨૦૨૪ શુક્રવાર

મેષ: તમારા કાર્યોને નવું સ્વરૂપ આપવા માટે વધારે રચનાત્મક રીત અપનાવો. પતિ-પત્ની વચ્ચે ઘરની વ્યવસ્થાને લઇને ગેરસમજ ઊભી થઇ શકે છે.

વૃષભ: વધારે મસાલેદાર ભોજન ટાળો. તમારા કામને નવું સ્વરૂપ આપવા માટે રચનાત્મક ગતિવિધિઓમાં પણ રસ રહેશે.

મિથુન: ઘર તથા વ્યવસાયમાં યોગ્ય તાલમેલ જળવાયેલો રહેશે. ધ્યાન રાખો કે ઘરની કોઇ મહત્ત્વપૂર્ણ વાત સાર્વજનિક થઇ શકે છે.

કર્ક: સમજદારી અને સાવધાનીથી કામ લેવાનો સમય છે. ઘરનું વાતાવરણ સુખદ રહેશે. રોકાણ કરવા માટે સમય ખૂબ જ અનુકૂળ છે.

સિંહ: વ્યવસાયિક કાર્યોમાં ચાલી રહેલી મુશ્કેલીઓ દૂર થઇ શકે છે. છેલ્લા થોડા સમયથી ચાલી રહેલાં તણાવથી આજે રાહત મળશે.

કન્યા: કોઇ જૂના મિત્રને મળવાથી જૂની યાદો તાજી થશે. તમારી કાર્યક્ષમતા અને આત્મબળ ઉપર વિશ્વાસ રાખીને આગળ વધો. સમય અનુકૂળ છે.

તુલા: આ સમયે માનસિક શાંતિ જાળવી રાખવી જરૂરી છે. આજે નજીકના લોકો સાથે હળવા-મળવાનું થશે તથા સુખમય સમય પસાર થશે.

વૃશ્ચિક: આ સમયે કરિયર અને કાર્યક્ષેત્રમાં શ્રેષ્ઠ કામ કરવા માટે વધારે કોશિશ કરવાની જરૂરિયાત છે. શારીરિક રૂપથી નબળાઇ અનુભવી શકો છો.

ધન: કાર્યક્ષેત્રમાં મોટાભાગના કાર્યો નિર્વિઘ્ન પૂર્ણ થતાં જશે. ક્યારેક તમારો અતિ આત્મવિશ્વાસ અને ઘમંડ તમને લક્ષ્યથી ભટકાવી શકે છે.

મકર: તમારી ભાવનાઓ ઉપર કંટ્રોલ રાખો. ઉધરસ, તાવ અને શરદીમાં સમસ્યા પરેશાન કરી શકે છે. આજે ગ્રહની સ્થિતિ સારી બની રહી છે.

કુંભ: વધારે કામના કારણે થાક રહી શકે છે. પબ્લિક ડીલિંગ, ગ્લેમર વગેરે સાથે જોડાયેલાં વ્યવસાયમાં સફળતા પ્રાપ્ત થશે.

મીન: કાર્યક્ષેત્રમાં વ્યાપારિક મંદીની સ્થિતિ રહી શકે છે. પતિ-પત્નીનો એકબીજાનો સહયોગ ઘરના વાતાવરણને સુખદ અને મધુર જાળવી રાખશે.

# તાતણીયા ગામે સર્પ દંશથી મહિલાનું મોત

ખાંભા, તા.૯

ઉનાળાની ગરમીમાં સરીસૃપ રાત્રે મોટી સંખ્યામાં બહાર નીકળતા હોય છે, જેના કારણે ક્યારેક સર્પદંશની ઘટના બનતી હોય છે. તાતણીયા ગામે સર્પદંશથી મહિલાના મોતની ઘટના બની હતી.

વિક્રમભાઈ દાનાભાઈ ભેડા (ઉ.વ.૨૬)એ જાહેર કર્યા મુજબ, નકુબેન દાનાભાઈ ભેડા (ઉ.વ.૪૫) ઘરની બાજુના ખેતરમાં નીરણ લેવા ગયા હતા, તે દરમિયાન ખેતરમાંથી જમણા પગે સાપ કરડતા દવાખાને લઈ જવાયા હતા. જ્યાં ફરજ પરના તબીબે તપાસ કરી મૃત જાહેર કર્યા હતા. મહિલાના મોતના પગલે પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો. ખાંભા પોલીસ સ્ટેશનના એએસઆઈ ભરતભાઈ એમ. વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# ખારા ગામે યુવકને માથામાં કુહાડી મારી જાનથી મારવાની ધમકી આપી

લીલીયા, તા.૯

લીલીયાના ખારા ગામે એક યુવકને કુહાડી વડે માર માર્યો હતો અને લાકડી વડે માથામાં ઈજા પહોંચાડી હતી. ઉપરાંત જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે સતુબેન બાજુભાઈ વાઘેલા (ઉ.વ.૫૫)એ હમીરભાઈ બાદુરભાઈ વાઘેલા, હિંમતભાઈ બાદુરભાઈ વાઘેલા, બાવકુભાઈ બાદુરભાઈ વાઘેલા તથા બાદુરભાઈ બોઘાભાઈ વાઘેલા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમના પુત્રવધૂ ઘરે એકલા હોવાથી હમીરભાઈ વાઘેલા ઠપકો આપવા આવ્યા હતા. આરોપીએ તેમના પુત્રને માથાના ભાગે કુહાડી વડે માર માર્યો હતો. ઉપરાંત તેમને તથા બીજા દીકરાને નાની મોટી ઈજા પહોંચાડી, ગાળો બોલીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.



તંત્રી લેખ

# હમાસ પરના ભયાનક આક્રમણનો અમેરિકામાં પ્રચંડ વિરોધ

હમાસ પર ઈઝરાઈલ દ્વારા પ્રચંડ પ્રહારો કરવામાં આવી રહ્યા છે તેના સૌથી મોટા શહેર પર ઈઝરાઈલ દ્વારા છેલ્લા ચાર દિવસથી ભયાનક બોમ્બમારો કરવામાં આવી રહ્યો છે જેનો અમેરિકામાં પ્રચંડ વિરોધ કરવામાં આવી રહ્યો છે. વિશ્વના બીજા દેશોમાં પણ આ લશ્કરી કાર્યવાહી સામે માનવતાનો સાદ પડ્યો છે. અમેરિકાની મોટાભાગની યુનિવર્સિટીઓમાં વિદ્યાર્થીઓ આ યુદ્ધનો વિરોધ કરી રહ્યા છે બીજી બાજુ અમેરિકા તથા યુરોપના દેશો પર કુદરતી આફતોની જડી વરસી રહી છે. અમેરિકાના મોટાભાગના વિસ્તારમાં ભયાનક વાવાઝોડા ત્રાટકી રહ્યા છે તો સાઉદી અરેબિયામાં ધોધમાર વરસાદ પડી રહ્યો છે. આ કુદરતી આફતોની સાથોસાથ ઈન્ડોનેશિયામાં ધરતીકંપ અને આ બાજુ હમાસ સાથેનું યુદ્ધ માનવજાત સામે મોટી આફતો લઈને આવ્યું છે. હમાસના યુદ્ધવિરામના પ્રસ્તાવે આ કોકડું વધારે ગૂંચવાયું છે. હમાસના યુદ્ધવિરામના એલાને મોટાભાગના નિષ્ણાતોને અચંબામાં મૂકી દીધા છે. આની સાથે જ આવનારા દિવસોમાં જે પણ કંઈ થઈ શકતું હતું, તેને લઈને ઈઝરાયલની આશાઓ પણ ખતમ થઈ ગઈ છે.

ઈઝરાયલનું અત્યારસુધીનું માનવું હતું કે અમેરિકાએ 'અસાધારણ રીતે ઉદાર' ગણાવ્યો હતો તે યુદ્ધવિરામનો પ્રસ્તાવ હમાસ નહી સ્વીકારે. સવાર પડતાંની સાથે જ ઈઝરાયલે જલદી શરૂ થનારી મિલિટરી કાર્યવાહીને જોતાં પેલેસ્ટાઈનવાસીઓને રફાહના પૂર્વ વિસ્તારને છોડવા માટેની ચેતવણી આપી દીધી હતી. જોકે, અમેરિકાએ રફાહમાં લોકોની જિંદગી પર ખતરો પેદા થાય એવા કોઈપણ પ્રકારના ગ્રાઉન્ડ ઑપરેશનનો વિરોધ કર્યો છે. ઈઝરાયલના સંરક્ષણ મંત્રી યોએવ ગેલન્ટે પોતાના અમેરિકન સમકક્ષને સ્પષ્ટતા કરતાં કહ્યું હતું કે તેમના પાસે કોઈ વિકલ્પ રહ્યો નથી કારણ કે હમાસે અસ્થાયી યુદ્ધવિરામ અને બંધકોને છોડવા માટેના દરેક પ્રસ્તાવને ફગાવી દીધા છે. પરંતુ અમેરિકા, ઈજિપ્ત અને કતાર તરફથી મધ્યસ્થી કરી રહેલા મધ્યસ્થીઓએ યુદ્ધવિરામ પર ભાર આપવાનું ચાલુ રાખ્યું.

અમેરિકન ગુપ્તચર એજન્સી સીઆઈએના પ્રમુખ વિલિયમ બર્ન્સે દોહામાં કતારના વડાપ્રધાન સાથે દિવસનો મોટાભાગનો સમય વિતાવ્યો. સાંજ પડતાં જ હમાસે એ જાહેરાત કરી કે તે યુદ્ધવિરામનો પ્રસ્તાવ સ્વીકારી લેશે. પેલેસ્ટાઈનનાં સૂત્રોએ એ પણ સંકેત આપ્યો છે કે હમાસ લાંબા યુદ્ધવિરામ માટે પણ તૈયાર થઈ શકે છે. વડા પ્રધાન નેતન્યાહુએ આ એલાન પર પોતાની પ્રથમ જાહેર પ્રતિક્રિયા આપતાં જણાવ્યું કે હમાસ 'ઈઝરાયલની માગોને પૂર્ણ કરવામાં હજુ ઘણું પાછળ છે.' એમ છતાં ઈઝરાયલે હમાસની જાહેરાત પર ચર્ચા કરવા માટે એક પ્રતિનિધિ મંડળ મોકલ્યું છે. વડાપ્રધાન નેતન્યાહુ એક રાજકીય મુશ્કેલીમાં ફસાઈ ગયા છે. તેમની ગઠબંધન સરકાર યહૂદી રાષ્ટ્રવાદીઓના સમર્થન પર ટકેલી છે.

# ભ્રષ્ટાચાર વિરુદ્ધ યુવા ભારતનો જંગ

ભ્રષ્ટાચાર સર્વ વ્યાપક છે વિશ્વની અંદર વિકસિત દેશોમાં પણ ભ્રષ્ટાચાર વ્યાપક રીતે છવાયેલો છે. અમેરિકા, યુરોપના દેશોમાં પણ ભ્રષ્ટાચાર છે માત્ર સ્વિત્ઝરલેન્ડ અને જાપાન જેવા અમુક દેશોમાં ભ્રષ્ટાચાર નહીંવત છે.

ગત સપ્તાહે લોકસભાની ચૂંટણીનું ત્રીજા તબક્કાનું મતદાન પૂર્ણ થયું જે રીતે શિસ્તબદ્ધ રીતે આટલા વિશાળ પાયા પર મતદાન યોજાયું તે બતાવે છે કે આ દેશમાં ભ્રષ્ટાચાર દૂર કરવો શક્ય છે.

ભારતને ભ્રષ્ટાચાર મુક્ત કરવાનું કાર્ય ભારતના યુવાનોએ ઉપાડી લીધું છે ખાસ કરીને અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદે હંમેશા શૈક્ષણિક પ્રશ્નોની સાથે સાથે દેશ સામે પેદા થયેલી તમામ રાષ્ટ્રીય સામાજિક સાંસ્કૃતિક અને સુરક્ષાને લગતી બાબતોમાં અગ્રેસર રહીને જનજાગૃતિનું વિરાટ કાર્ય કર્યુ છે. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદે આ દેશમાંથી ભ્રષ્ટાચાર દૂર કરવાના પ્રયાસો કર્યા છે. આજની યુવા પેઢી રાષ્ટ્ર માટે એક નવી આશા લગાવે છે આ બાબતમાં રાષ્ટ્રીય સંગઠન મંત્રી સુનિલ આંબેડકરના વિચારો જાણવા જેવા છે.

ભ્રષ્ટાચાર દૂર કરવાનો સંકલ્પ હવે કોઈ એક વ્યક્તિ કે સંગઠનનો રહ્યો નથી પરંતુ એમ લાગે છે કે આ નિશ્ચય આમ જનતાએ કરી લીધો છે. ભ્રષ્ટાચારના વિષયમાં કંઈક કરવાનું દબાણ સામાજિક ક્ષેત્રમાં કામ કરતી દરેક વ્યક્તિ, સંગઠન કે રાજકીય પક્ષ પર છે. સરકાર, ન્યાયતંત્ર, સમાચાર માધ્યમ, વહિવટી તંત્ર દરેક પર ઠીક ઠીક પ્રમાણમાં દબાણ છે કે ભ્રષ્ટાચારના વિરોધમાં કાંઈક કરે.

સ્વાભાવિક છે કે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ હંમેશ મુજબ આંદોલનને સામાજિક અને રાષ્ટ્રીય જવાબદારી સમજીને આગળ વધી રહી છે. સૌથી મોટું વિદ્યાર્થી-સંગઠન હોવાના કારણે તે પોતાની જવાબદારીને પણ સારી રીતે સમજે છે. આવનારા દિવસોમાં તે વ્યવસ્થા પરિવર્તન (Systematic change)ની પોતાની લડત તીવ્ર કરશે.

પાછલા અનેક વર્ષોથી વિદ્યાર્થી પરિષદ (ABVP) ભ્રષ્ટાચાર તથા શિક્ષણના વ્યાપારીકરણના મુદ્દા પર સંઘર્ષ કરી રહી છે. 'બિનહિસાબી શૈક્ષણિક શુલ્ક (Fees) એ એક શોષણકારી વ્યવસ્થા છે, અને એને બદલવી પડશે.' એમ પરિષદ સતત કહેતી આવી છે. ત્યારે પણ એક ભ્રમણા તો રહી જ કે ખાનગીકરણથી શિક્ષણ સુધરશે અને તે સૌ માટે ઉપલબ્ધ થશે. બજારનું તંત્ર તેને માટે આપોઆપ રસ્તો કરી આપશે એવી આશા સૌએ કરી હતી. શરૂઆતમાં થોડું વત્તુઓછું થયું, પછી એકાધિકાર અને અંતમાં બધુ જ અત્યંત મોંઘું. પાછલા બે વર્ષોમાં વાતાવરણ બદલાયું, લોકોને વાત સમજાઈ અને ભ્રમણા ભાંગી રહી છે.



વિદ્યાર્થી પરિષદના શિક્ષણના વ્યાપારીકરણના વિરોધના આંદોલનને હજારો વિદ્યાર્થીઓ ને સેંકડો વાલીઓ તથા સમાજના ભિન્ન વર્ગોએ સમર્થન આપવાનું શરૂ કર્યુ. જ્યારે વૈશ્વિકરણ આવ્યું ત્યારે કોઈએ સરસ શબ્દોમાં કહ્યું 'નવો ઉદારવાદ આવ્યો'.

**પ્રાસંગિક**
**સુરેશ ભટ્ટ**

તેનો જાદુ પણ ઠીક ઠીક ચાલ્યો. વસ્તુઓ અને સેવાઓથી બજાર ભરાઈ ગયું. જીવનમાં નવીનતા અને સુલભતાનો અનુભવ સૌ માટે સુખદ હતો. પરંતુ જલ્દી જ બજારમાં ગુણવત્તાના નામ પર એકાધિકારની શરૂઆત થઈ ગઈ. આ પદ્ધતિઓએ ભ્રષ્ટાચારને અનેકગણો વધારી દીધો. લાલચ વધી, લેવડ-દેવડની કિંમત વધી. દરેક વાત પર કબજો જમાવવા મોટી કંપનીઓ, નિર્ણય કરનારા અધિકારીઓ, નેતાગણ દ્વારા માણસની લાલચને નિરંતર ફોસલાવવામાં આવી રહી છે. કરોડો રૂપિયાની લૂંટ મચી ગઈ છે. ૨જી સ્પેક્ટ્રમ, સંયુક્ત રાષ્ટ્ર રમતોમાં થયેલા ગોટાળા કે પછી કેન્દ્રીય સતર્કતા આયોગની નિયુક્તિ જેવી બાબતોમાં સર્વોચ્ચ સ્તર પર જે કાંઈ બેશરમી રીતે ચાલ્યું, તેનાથી આખો દેશ સ્તબ્ધ બની ગયો.

રોજબરોજના ભ્રષ્ટાચારથી લોકો ત્રાસી ગયા હતા. પરંતુ એક આશા કેન્દ્ર પર હતી. છતાં બેફામ લૂંટ ચાલી છે અને ઉપરથી જ પ્રોત્સાહન મળતું હોય એવું સ્પષ્ટદેખાઈ રહ્યું છે. તેથી લોકોનો સુષુપ્ત આક્રોશ બહાર આવી રહ્યો છે.

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP) હંમેશા શૈક્ષણિક પ્રશ્નોની સાથે સાથે દેશ સામે પેદા થયેલી તમામ રાષ્ટ્રીય, સામાજિક, સાંસ્કૃતિક અને સુરક્ષાને લગતી બાબતોમાં અગ્રેસર રહી છે. ૧૯૭૬ના મોરબી (ગુજરાત) વિદ્યાર્થી આંદોલન બાદ બિહારમાં વિદ્યાર્થી આંદોલનનું નેતૃત્વ કર્યા પછી કટોકટીના વિરોધમાં થયેલા જે.પી.આંદોલનમાં પણ પરિષદે મહત્ત્વની ભૂમિકા નિભાવી હતી.

૧૯૮૭ના પ્રારંભમાં બોફોર્સ કૌભાંડના વિરોધનાં આંદોલનમાં પણ પરિષદ અગ્રેસર રહી. સ્વાભાવિક રીતે ગયે વર્ષે રાષ્ટ્રસંઘ રમતોના ભ્રષ્ટાચારનો મામલો આગળ આવ્યો ત્યારથી પરિષદ સક્રિય થઈ ગઈ હતી. તે પછી ઘણા કિસ્સાઓ સામે આવ્યા અને અ. ભા. વિદ્યાર્થી પરિષદે ૨૦૧૦ના અંતમાં તેના ૫૬મા રાષ્ટ્રીય અધિવેશન (બેંગલુરુ)માં ભ્રષ્ટાચારના વિરોધમાં વ્યાપક પ્રસ્તાવ કરીને સમગ્ર યુવા જગતને 'ભ્રષ્ટાચારના વિરોધમાં મૌન તોડો – હલ્લા બોલો'નું આહ્‌વાન કર્યું. અધિવેશનથી પાછા ફરતાની સાથે દેશભરના કેમ્પસમાં ભ્રષ્ટાચાર વિરોધી આગ ભડકી ઊઠી. પરિષદે સ્થાન સ્થાન પર સભાઓ, સામગ્રી વિતરણ, ધરણા, પ્રદર્શન, હસ્તાક્ષર (સહી ઝુંબેશ) સંગ્રહના કાર્યક્રમો કર્યા. વિરોધપક્ષોએ સંસદમાં ૨-જી કૌભાંડની તપાસની બાબતમાં સરકારનો સફળતાપૂર્વક ઘેરાવ કર્યો. માનનીય ઉચ્ચતમ ન્યાયાલયના કડક વલણના કારણે કેટલાક લોકો પર કાર્યવાહી શરૂ થઈ. ત્યાર પછી પરિષદ દ્વારા નવા વર્ષ ૨૦૧૧માં ૨૭ જાન્યુઆરીએ દેશભરમાં ધરણા, ૧૭-૧૮ ફેબ્રુઆરીએ ૨૪ કલાકના મૌન ઉપવાસ અને ૪ માર્ચના દિવસે સંસદ પર હજારો વિદ્યાર્થીઓ દ્વારા દેખાવ જેવા અભિયાનોએ દબાણ વધારવાનું કામ કર્યું. તે પછી બાબા રામદેવ તથા અન્ના હજારે દ્વારા પણ ભ્રષ્ટાચાર પરનો પ્રહાર પણ પ્રભાવી રહ્યો. આ આંદોલનમાં લોકોના સહભાગ અને આશામાં વૃદ્ધિ થઈ. ૧૨ મે ૨૦૧૧ના રોજ દિલ્હીમાં અ. ભા. વિ. પ. દ્વારા આયોજિત 'ભ્રષ્ટાચાર વિરોધી' રાષ્ટ્રીય સંમેલનમાં બીજા તબક્કાના વધુ અસરકારક આંદોલનનો શંખનાદ થયો. આંદોલનને વધુ વ્યાપક કરવાના હેતુથી એક નવા યુવામંચ 'યુથ અગેઈન્સ્ટ કરપ્શન'ની રચના કરવામાં આવી અને આગળની રણનીતિ જાહેર થઈ.

એવો પાકો વિશ્વાસ છે કે યુવાવર્ગ પોતાની ઐતિહાસિક ભૂમિકાનું વહન કરીને 'ભ્રષ્ટાચાર મુક્ત ભારત' અને 'સૌની ખુશાલી' જેવા સ્વપ્નો ચોક્કસ સાકાર કરશે. ભવિષ્યમાં આ આંદોલન વિદ્યાર્થી-યુવાનો તેમજ સામાજિક સંગઠનો સહિત દેશના ખેડૂતો, મજૂરો વગેરે સૌની ભાગીદારીથી પ્રભાવશાળી અને નિર્ણાયક બનશે.

**પરિષદ દ્વારા નવા વર્ષ ૨૦૧૧માં ૨૭ જાન્યુઆરીએ દેશભરમાં ધરણા, ૧૭-૧૮ ફેબ્રુઆરીએ ૨૪ કલાકના મૌન ઉપવાસ અને ૪ માર્ચના દિવસે સંસદ પર હજારો વિદ્યાર્થીઓ દ્વારા દેખાવ જેવા અભિયાનોએ દબાણ વધારવાનું કામ કર્યું**

# માર્કેટયાર્ડના ભાવ

**રાજકોટ**

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૪૧૦ | ૧૫૮૧ |
| ઘઉં લોકવન | ૪૮૮ | ૫૩૦ |
| ઘઉં ટુકડા | ૪૮૨ | ૬૨૦ |
| જુવાર સફેદ | ૬૯૦ | ૭૭૫ |
| જુવાર લાલ | ૮૨૦ | ૯૭૫ |
| બાજરી | ૪૦૦ | ૪૭૦ |
| તુવેર | ૧૮૪૦ | ૨૨૩૮ |
| ચણા પીળા | ૧૧૬૦ | ૧૨૩૫ |
| ચણા સફેદ | ૧૪૦૦ | ૨૨૦૦ |
| અડદ | ૧૭૧૫ | ૧૯૭૧ |
| મગ | ૧૬૧૦ | ૨૦૯૦ |
| વાલ દેશી | ૧૦૦૦ | ૨૧૦૦ |
| વાલ પાપડી | ૧૨૦૦ | ૨૦૦૦ |
| ચોળી | ૨૦૦૦ | ૨૯૦૦ |
| મઠ | ૧૦૦૦ | ૧૧૮૦ |
| વટાણા | ૧૧૫૦ | ૧૭૦૦ |
| સીંગદાણા | ૧૫૬૦ | ૧૬૯૦ |
| મગફળી જાડી | ૧૧૪૦ | ૧૩૧૩ |
| મગફળી જીણી | ૧૧૬૦ | ૧૩૧૦ |
| તલી | ૨૪૦૦ | ૨૮૧૫ |
| સુરજમુખી | ૫૫૧ | ૫૫૧ |
| એરંડા | ૯૫૦ | ૧૦૮૧ |
| અજમો | ૧૭૦૦ | ૨૪૬૦ |
| સુવા | ૧૩૫૦ | ૧૮૦૧ |
| સોયાબીન | ૮૫૦ | ૮૯૨ |
| સીંગફાડા | ૧૧૭૦ | ૧૫૫૦ |
| કાળા તલ | ૨૭૦૦ | ૩૧૬૧ |
| લસણ | ૧૪૦૦ | ૩૨૫૦ |
| ધાણા | ૧૨૭૫ | ૧૫૭૫ |
| મરચા સુકા | ૯૫૦ | ૨૭૦૦ |
| ધાણી | ૧૩૫૦ | ૧૯૦૦ |
| વરીયાળી | ૧૧૦૦ | ૧૮૧૫ |
| જીરૂ | ૪૫૦૦ | ૫૨૮૬ |
| રાય | ૧૧૨૦ | ૧૩૦૦ |
| મેથી | ૯૫૦ | ૧૩૫૦ |
| ઇસબગુલ | ૧૬૦૦ | ૨૪૬૦ |
| અશેરીયો | ૨૦૦૧ | ૨૦૦૧ |
| કલોંજી | ૩૪૦૦ | ૩૯૨૯ |
| રાયડો | ૮૫૦ | ૯૮૫ |
| રજકાનું બી | ૩૫૦૦ | ૪૪૦૦ |
| ગુવારનું બી | ૧૦૦૦ | ૧૦૧૮ |

**રાજકોટ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| કેરી કાચી | ૩૫૦ | ૬૫૦ |
| લીંબુ | ૧૫૦૦ | ૨૪૦૦ |
| સાકરટેટી | ૨૦૦ | ૪૫૦ |
| તરબુચ | ૨૦૦ | ૪૦૦ |
| બટેટા | ૩૦૦ | ૫૭૫ |
| ડુંગળી સુકી | ૯૦ | ૩૪૦ |
| ટમેટા | ૨૦૦ | ૪૦૦ |
| સુરણ | ૧૬૦૦ | ૧૮૦૦ |
| કોથમરી | ૪૦૦ | ૫૦૦ |
| મૂળા | ૩૦૦ | ૫૦૦ |
| રીંગણા | ૧૪૦ | ૩૮૦ |
| કોબીજ | ૫૦ | ૧૫૦ |
| ફ્લાવર | ૩૫૦ | ૫૩૦ |
| ભીંડો | ૩૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૩૮૦ | ૬૫૦ |
| ચોળાસીંગ | ૩૫૦ | ૭૦૦ |
| ટીંડોળા | ૫૦૦ | ૧૦૦૦ |
| દુધી | ૧૪૦ | ૩૦૦ |
| કારેલા | ૪૦૦ | ૫૬૦ |
| સરગવો | ૨૮૦ | ૪૫૦ |
| તુરીયા | ૩૦૦ | ૪૬૦ |
| પરવર | ૭૦૦ | ૯૦૦ |
| કાકડી | ૧૬૦ | ૩૨૦ |
| ગાજર | ૧૪૦ | ૨૬૦ |
| વટાણા | ૧૦૦૦ | ૧૫૦૦ |
| ગલકા | ૧૪૦ | ૨૬૦ |
| બીટ | ૧૪૦ | ૨૬૦ |
| મેથી | ૪૫૦ | ૬૫૦ |
| ડુંગળી લીલી | ૨૫૦ | ૫૫૦ |
| આદુ | ૧૯૦૦ | ૨૨૦૦ |
| મરચા લીલા | ૩૫૦ | ૫૫૦ |
| મકાઇ લીલી | ૧૨૦ | ૩૬૦ |
| ગુંદા | ૪૦૦ | ૭૦૦ |

**જામનગર**

| | | |
|---|---|---|
| જીરું | ૩૧૦૦ | ૫૩૭૫ |
| રાયડા | ૮૩૦ | ૧૦૧૩ |
| એરંડા | ૧૦૦૦ | ૧૦૮૩ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૨૩ |
| અડદ | ૬૫૦ | ૧૪૬૦ |
| મગ | ૧૦૦૦ | ૧૮૭૫ |
| તુવેર | ૫૦૦ | ૨૧૮૫ |
| ધાણા | ૧૦૦૦ | ૧૫૨૫ |
| અજમો | ૨૨૬૦ | ૩૧૮૦ |
| જુવાર | ૬૨૦ | ૭૦૫ |
| લસણ | ૧૦૫૦ | ૩૧૦૦ |
| ડુંગળી | ૬૫ | ૩૪૦ |
| બાજરી | ૩૯૫ | ૫૦૫ |
| તલ | ૨૩૦૦ | ૨૫૦૦ |
| ઘઉં | ૩૮૫ | ૫૩૬ |
| મગફળી જીણી | ૧૦૫૦ | ૧૧૯૫ |
| મગફળી | ૧૦૦૦ | ૧૧૯૦ |
| કપાસ | ૯૦૦ | ૧૫૪૦ |

**અમરેલી**

| | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૧૧૭૭ | ૧૨૮૩ |
| શિંગ મોટી | ૮૫૦ | ૧૨૮૦ |
| શિંગ દાણા | ૧૬૩૦ | ૧૮૦૦ |
| શિંગ ફાડા | ૧૪૦૦ | ૧૭૩૩ |
| તલ સફેદ | ૧૩૩૦ | ૨૭૫૫ |
| તલ કાળા | ૨૪૪૦ | ૩૦૯૫ |
| તલ કાશ્મીરી | ૨૦૦૦ | ૩૦૨૮ |
| બાજરો | ૪૦૦ | ૫૧૦ |
| જુવાર | ૪૩૦ | ૮૫૧ |
| ઘઉં ટુકડા | ૪૪૦ | ૭૧૧ |
| ઘઉં લોકવન | ૪૬૦ | ૬૦૧ |
| મકાઈ | ૩૦૦ | ૩૮૦ |
| મગ | ૧૭૦૦ | ૧૮૦૦ |
| અડદ | ૧૮૪૦ | ૨૦૬૦ |
| ચણા | ૯૨૦ | ૧૨૦૮ |
| ચણા દેશી | ૧૧૯૫ | ૧૩૭૫ |
| તુવેર | ૧૨૦૦ | ૨૦૯૮ |
| એરંડા | ૧૦૦૦ | ૧૦૫૦ |
| જીરું | ૧૯૩૦ | ૫૧૦૦ |
| રાયડો | ૮૪૦ | ૯૨૮ |
| ધાણા | ૧૨૦૦ | ૧૪૯૦ |
| ધાણી | ૧૧૩૦ | ૨૦૦૦ |
| અજમા | ૧૭૦૦ | ૨૩૮૦ |
| મેથી | ૮૦૦ | ૧૦૧૫ |
| સોયાબીન | ૬૦૦ | ૮૬૦ |
| મરચા લાંબા | ૬૩૦ | ૩૧૦૦ |
| સુવાદાણા | ૧૨૩૦ | ૧૪૨૦ |

**અમરેલી (શાકભાજી)**

| | | |
|---|---|---|
| બટેટા | ૪૧૦ | ૪૮૦ |
| રીંગણાં | ૪૨૦ | ૫૨૦ |
| ફુલાવર | ૨૧૦ | ૩૧૦ |
| કોબીજ | ૧૫૦ | ૨૦૦ |
| શક્કરિયા | ૩૧૦ | ૪૧૦ |
| ટામેટા | ૨૬૦ | ૩૬૦ |
| સુરણ | ૧૪૦૦ | ૧૬૦૦ |
| ગાજર | ૨૫૦ | ૩૦૦ |
| દૂધી | ૧૪૦ | ૨૦૦ |
| કરેલા | ૬૦૦ | ૭૦૦ |
| ગલકા | ૩૧૦ | ૪૧૦ |
| ગુંદા | ૪૨૦ | ૫૨૦ |
| કાકડી | ૨૦૦ | ૩૦૦ |
| ગુવાર | ૪૦૦ | ૬૦૦ |
| વટાણા | ૧૪૦૦ | ૧૬૦૦ |
| ચોળાશીંગ | ૮૦૦ | ૯૦૦ |
| તુરીયા | ૬૨૦ | ૮૨૦ |
| પાકી કેરી | ૧૨૦૦ | ૧૯૦૦ |
| કાચી કેરી | ૬૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૫૦૦ |
| આદુ | ૨૨૦૦ | ૨૪૦૦ |
| કોથમીર | ૨૦૦ | ૩૦૦ |
| મેથીભાજી | ૫૦૦ | ૬૦૦ |
| ફુદીનો | ૪૦૦ | ૫૦૦ |
| ટીંડોરા | ૩૫૦ | ૪૫૦ |
| બીટ | ૨૦૦ | ૩૦૦ |
| ગરમર | ૫૩૦ | ૭૩૦ |
| સરગવો | ૪૧૦ | ૫૧૦ |
| લીમડો મીઠો | ૧૪૦ | ૧૮૦ |
| મરચા લીલા | ૪૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૪૦૦ |
| ડુંગળી સૂકી | ૧૦૦ | ૩૦૦ |
| લસણ લીલું | ૨૦૧૦ | ૨૫૧૦ |
| લસણ સૂકું | ૨૬૩૦ | ૨૮૩૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૨૦૦૦ | ૨૨૦૦ |
| પાલક | ૪૦૦ | ૫૦૦ |

**સાવરકુંડલા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૩૫૧ | ૧૫૦૧ |
| શીંગ મઠડી | ૯૦૦ | ૧૨૬૩ |
| શીંગ મોટી | ૯૭૪ | ૧૨૬૧ |
| શીંગ નવી | ૧૧૭૧ | ૧૩૫૧ |
| તલ સફેદ | ૨૫૫૧ | ૨૮૫૧ |
| તલ કાળા | ૩૦૫૧ | ૩૯૦૦ |
| જીરૂ | ૫૧૦૦ | ૫૫૦૦ |
| ઘઉં લોકવન | ૪૭૦ | ૫૭૧ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૬૦ |
| બાજરો | ૪૦૦ | ૫૦૦ |
| જુવાર | ૪૩૦ | ૭૨૬ |
| મગ | ૧૬૫૦ | ૧૭૭૩ |
| અડદ | ૧૫૦૦ | ૧૫૮૧ |
| ચણા | ૧૧૧૧ | ૧૨૨૧ |
| ચણા દેશી | ૧૧૫૦ | ૧૩૪૫ |
| તુવેર | ૧૭૦૦ | ૧૯૦૦ |
| એરંડી | ૧૦૦૦ | ૧૦૬૧ |
| મેથી | ૯૦૦ | ૧૦૩૦ |
| રાય/રાયડો | ૯૬૦ | ૧૦૬૦ |
| ધાણા | ૧૨૦૦ | ૧૪૦૧ |
| સોયાબીન | ૮૦૦ | ૮૬૮ |

**બાબરા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૩૦૪ | ૧૫૨૬ |
| જુવાર સફેદ | ૫૨૫ | ૬૭૫ |
| ઘઉં | ૪૮૦ | ૫૫૦ |
| ચણા | ૧૧૬૨ | ૧૨૨૮ |
| જીરૂ | ૩૬૧૦ | ૫૭૦૦ |
| તલ સફેદ | ૨૩૪૦ | ૨૬૩૦ |
| એરંડા | ૯૮૧ | ૧૦૩૯ |

**ધારી**

| | | |
|---|---|---|
| મગફળી | ૧૦૦૦ | ૧૨૧૦ |
| ઘઉં | ૪૯૬ | ૫૧૧ |
| ચણા | ૧૧૬૫ | ૧૧૭૦ |
| તુવેર | ૧૭૮૯ | ૨૦૫૫ |
| એરંડા | ૮૯૧ | ૧૦૫૮ |
| ધાણા | ૧૨૫૦ | ૧૨૫૫ |
| સોયાબીન | ૮૦૦ | ૮૦૦ |

**ગોંડલ**

| | | |
|---|---|---|
| પાસ બી. ટી. | ૧૧૦૧ | ૧૫૪૬ |
| ઘઉં લોકવન | ૪૭૦ | ૬૦૬ |
| ઘઉં ટુકડા | ૪૬૪ | ૬૫૧ |
| સિંગ ફાડીયા | ૬૦૦ | ૧૬૭૧ |
| એરંડા / એરંડી | ૮૭૧ | ૧૦૯૧ |
| જીરૂ | ૩૫૦૧ | ૫૩૦૧ |
| વરીયાળી | ૭૭૧ | ૧૪૦૧ |
| મરચા સૂકા પટ્ટો | ૮૦૧ | ૪૪૫૧ |
| ડુંગળી લાલ | ૧૦૧ | ૩૦૧ |
| અડદ | ૧૦૦૧ | ૧૮૮૧ |
| મઠ | ૭૦૦ | ૭૦૦ |
| તુવેર | ૧૦૦૦ | ૨૩૫૧ |
| રાયડો | ૬૭૬ | ૯૩૧ |
| રાય | ૯૯૧ | ૧૧૬૧ |
| મેથી | ૬૦૧ | ૧૨૫૬ |
| મરચા | ૯૫૧ | ૩૮૦૧ |
| તલ – તલી | ૧૮૦૧ | ૨૬૯૧ |
| ડુંગળી સફેદ | ૨૦૦ | ૨૭૮ |
| બાજરો | ૪૧૧ | ૪૧૧ |
| જુવાર | ૪૦૧ | ૮૩૧ |
| મકાઇ | ૪૩૧ | ૫૧૧ |
| મગ | ૧૨૪૧ | ૧૮૪૧ |
| વાલ | ૫૦૦ | ૧૮૨૧ |
| વાલ પાપડી | ૧૭૨૬ | ૧૭૨૬ |
| ચોળા / ચોળી | ૬૯૧ | ૧૫૨૬ |
| સોયાબીન | ૮૦૦ | ૮૮૧ |
| અજમાં | ૨૫૧૧ | ૨૫૧૧ |
| ગોગળી | ૭૦૦ | ૧૪૪૧ |
| વટાણા | ૧૦૦૧ | ૧૧૭૬ |

**રાજુલા**

| | | |
|---|---|---|
| શીગ | ૧૦૫૦ | ૧૨૨૦ |
| તલ સફેદ | ૨૪૫૦ | ૨૭૦૦ |
| કપાસ | ૧૨૯૩ | ૧૫૦૬ |
| બાજરો | ૩૫૦ | ૫૧૭ |
| ઘઉ ટુકડા | ૪૭૧ | ૫૨૧ |
| જુવાર | ૪૩૦ | ૮૩૦ |
| મગ | ૧૭૦૦ | ૧૭૦૦ |
| મેથી | ૯૮૦ | ૯૮૦ |
| મઠ | ૯૦૦ | ૯૦૦ |
| તુવેર | ૨૦૦૧ | ૨૧૦૦ |
| ચણા | ૯૦૦ | ૧૨૬૦ |
| જીરૂ | ૪૮૦૧ | ૪૮૦૧ |
| એરંડા | ૯૦૦ | ૧૦૫૦ |
| રાય | ૯૧૦ | ૯૧૦ |
| રજકા બી | ૨૧૦૦ | ૨૧૦૦ |
| ધાણા | ૧૦૧૧ | ૧૦૧૧ |

**ખાંભા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૬૧ | ૧૪૮૦ |
| ચણા | ૧૦૦૨ | ૧૨૧૨ |
| જુવાર પીળી | ૪૫૦ | ૪૫૦ |
| જુવાર સફેદ | ૭૦૦ | ૭૦૦ |
| તલ સફેદ | ૨૬૦૦ | ૨૬૬૦ |
| એરંડા | ૧૦૩૧ | ૧૦૩૧ |
| ઘઉં | ૪૬૦ | ૪૬૦ |
| મગફળી | ૧૧૫૧ | ૧૧૫૧ |
| મકાઈ | ૪૧૨ | ૪૧૨ |
| ધાણા | ૧૦૭૫ | ૧૦૭૫ |
| મેથી | ૧૦૦૦ | ૧૦૦૦ |

**બગસરા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૦૦ | ૧૪૫૦ |
| ચણા | ૯૦૦ | ૧૧૯૫ |
| ધાણા | ૧૧૧૫ | ૧૩૦૫ |
| ઘઉં લોકવન | ૪૧૧ | ૫૩૮ |
| ઘઉં ટુકડા | ૪૨૪ | ૫૧૦ |
| મેથી | ૮૦૦ | ૯૭૨ |
| તુવેર | ૧૩૩૦ | ૧૮૨૧ |
| જુવાર | ૩૪૦ | ૫૮૬ |
| મકાઈ | ૪૨૫ | ૪૯૫ |
| રાય | ૯૫૦ | ૯૯૦ |
| રાયડો | ૯૦૦ | ૯૦૦ |
| મગફળી | ૮૨૫ | ૧૧૯૧ |
| સોયાબીન | ૭૮૨ | ૮૫૦ |
| લસણ | ૧૦૨૦ | ૧૨૨૫ |
| એરંડા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| તલ સફેદ | ૧૭૦૦ | ૧૭૭૦ |


**કોડીનાર**

| | | |
|---|---|---|
| મગફળી જી-૨૦ | ૧૨૦૦ | ૧૩૩૫ |
| મગફળી ૩૨ નં. | ૧૨૨૦ | ૧૩૦૫ |
| મગફળી નવી | ૧૦૫૦ | ૧૨૦૫ |
| બાજરી હાઈબ્રીડ | ૩૮૦ | ૫૦૧ |
| ઘઉ | ૪૫૦ | ૫૭૫ |
| રાયડો | ૯૮૦ | ૧૦૦૮ |
| મેથી | ૯૦૦ | ૧૦૫૦ |
| જુવાર | ૫૦૦ | ૭૬૬ |
| ચોળી | ૨૨૦૦ | ૨૬૭૦ |
| અડદ | ૧૭૦૦ | ૧૯૬૦ |
| મગ | ૧૬૮૦ | ૨૦૬૮ |
| એરંડી | ૧૦૦૦ | ૧૦૬૮ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૧૫ |
| સફેદ તલ | ૨૨૦૦ | ૨૬૩૧ |
| કાળા તલ | ૨૬૦૦ | ૩૧૮૦ |
| સોયાબીન | ૮૦૦ | ૮૯૪ |
| ધાણા | ૧૨૦૦ | ૧૩૩૫ |

**ભેસાણ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૦ | ૧૫૨૧ |
| ઘઉ | ૪૦૦ | ૫૬૦ |
| મકાઈ | ૪૦૦ | ૪૦૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૮૨ |
| તુવેર | ૧૦૦૦ | ૨૦૫૦ |
| મગફળી | ૮૦૦ | ૧૧૮૦ |
| શિંગ ફાડા | ૧૩૦૦ | ૧૮૪૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૦૫૦ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૬૮૦ |
| મેથી | ૮૦૦ | ૯૦૦ |
| જીરૂ | ૩૦૦૦ | ૪૮૦૧ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૫૫ |
| સોયાબીન | ૭૫૦ | ૮૬૫ |

## શબ્દ સંજોગ-૧૭૯૮



**આડી ચાવી :**
(૧) સરસામાન (૪)
(૪) એક ગુજરાતી માસ (૪)
(૭) ----- મટી એટલે વૈદ વેરી (૩)
(૯) મનાઈ, નિષેધ (૨)
(૧૦) પાસે, નજીક (૨)
(૧૨) સોનું, ધંતૂરો (૨)
(૧૪) સૌરાષ્ટ્રનું એક ગામ થયું અવળું (૨)
(૧૫) તરત જવાબ લખો (૩)
(૧૭) જકાત, દાણ (૩)
(૧૯) માર્ગ, રસ્તો (૩)
(૨૨) એક રાશિ (૩)
(૨૪) --- યોજના (૨)
(૨૫) વિદાય કરેલું (૩)
(૨૭) ગુજરાતમાં આવેલો એક પર્વત (૪)
(૨૮) એક પક્ષી (૩)
(૩૦) એક ઘાસ (અવળું) (૨)
(૩૧) પરોઢિયે (૩)
(૩૨) સ્ત્રીઓનું એક ઘરેણું (૩)

**ઉભી ચાવી :**
(૧) એક વૃક્ષ (૩)
(૨) બગીચો (૨)
(૩) દાનત તેવી------(૪)
(૫) શોક, દુઃખ (૨)
(૬) પરાપૂર્વથી ચાલ્યુ આવતું (આ-અ) (૪)
(૮) --------- સેવા એજ પ્રભુસેવા (૨)
(૧૧) એક જાતનો વેલો (૩)
(૧૩) ચંદ્રનો સોળમો ભાગ (૨)
(૧૬) નાડી, શિરા (૨)
(૧૮) વીતી ચૂકેલું (૨)
(૧૯) સ્કૂલના શિક્ષક (૩)
(૨૦) એક રાશિ (૨)
(૨૧) રિપેરિંગ (૫)
(૨૩) આકાશમાંથી ગંગાને પૃથ્વી પર લાવનાર રાજા (૪)
(૨૪) .... કાળે વિપરીત બુદ્ધિ (૩)
(૨૬) વા વાયાને -------ઊમટ્યા ---- (૩)
(૨૯) શરીર, દેહ (૨)

## શબ્દ સંજોગ-૧૭૯૭ જવાબ

**આડી ચાવી :** (૧) શાહમૃગ (૪) હજમ (૬) જસત (૮) રાસ (૧૦) વાહન (૧૧) અલગ (૧૨) કેળ (૧૪) મામા (૧૫) મધર (૧૭) સગડ (૧૯) મહે (હેમ) (૨૦) મેષ (૨૨) રમેશ (૨૪) અંબોડો (૨૬) નેક (૨૮) જબા (બાજ) (૨૯) કર્ક (૩૦) ઠગ (૩૧) ડીનર.

**ઉભી ચાવી :** (૨) હળાહળ (૩) ગજ (૪) હત (૫) મરાલ (૭) સત્ય (૯) સગવડ (૧૦) વાકેફ (૧૧) અમાસ (૧૩) ક્રોધ (૧૫) મહેર (૧૬) રમેશ (૧૮) ગરબો (૨૧) અનેક (૨૩) મેરઠ (૨૪) અંબાડી (૨૫) ડોલર (૨૭) કર્ક.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# ગુજરાત શિક્ષણ બોર્ડનું વિજ્ઞાન પ્રવાહનું ૮૨.૪૫ ટકા અને સામાન્ય પ્રવાહનું પરિણામ ૯૧.૯૩ ટકા જાહેર

(એ.આર.એલ),અમદાવાદ,તા.૯

ધો.૧૨ ગુજરાત બોર્ડનું સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જાહેર થયું છે. ૮૨.૪૫ ટકા પરિણામ જાહેર થયું છે. સૌથી વધુ પરિણામ છાલાનું ૯૯.૬૧ ટકા આવ્યું છે જયારે સૌથી ઓછું પરિણામ ખાવડા ૫૧.૧૧ ટકા રહ્યું છે. રાજયમાં ૧૬૦૯ શાળાનું ૧૦૦ ટકા પરિણામ આવ્યું છે. ગુજરાત બોર્ડ દ્વારા જાહેર કરાયેલા પરિણામમાં સામાન્ય (વિજ્ઞાન પ્રવાહ)માં મોરબી જિલ્લાનું સૌથી ઉંચુ પરિણામ આવ્યું છે. વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ૮૨.૪૫ ટકા જયારે સામાન્ય પ્રવાહનું પરિણામ ૯૧.૯૩ ટકા પરિણામ જાહેર થયું છે આ ઉપરાંત કુંભાણીયા કેન્દ્રનું સૌથી ઉંચુ પરિણામ આવ્યું છે. સામાન્ય પ્રવાહમાં બોટાદ જિલ્લાનું સૌથી ઉંચુ પરિણામ આવ્યું છે. આજે જાહેર થયેલા પરિણામમાં વિજ્ઞાન પ્રવાહમાં એ-૧ ગ્રેડ સાથે ૧૩૦૪ વિદ્યાર્થીઓ પાસ થયા છે. ૨૦૨૩ની સરખામણીએ વિજ્ઞાન પ્રવાહમાં ૧૬.૮૭ ટકા વધુ પરિણામ આવ્યું છે. સામાન્ય પ્રવાહમાં ગાંધીનગરના છાલા



કેન્દ્રનું સૌથી વધુ પરિણામ જાહેર થયું છે. ૧૦ ટકા કે તેથી ઓછું પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા ૨૭ છે. એ ૧ ગ્રેડ સાથે પ્રમાણપત્ર મેળવવાને પાત્ર ઉમેદવારોની સંખ્યા ૧.૦૩૪ છે એ ૨ ગ્રેડ સાથે પ્રમાણપત્ર મેળવવાને પાત્ર ઉમેદવારોની સંખ્યા ૮,૯૮૩ છે જયારે અંગ્રેજી માધ્યમના ઉમેદવારોની પરિણામની ટકાવારી ૮૧.૯૨ ટકા છે. ગુજરાતી માધ્યમના ઉમેદવારોની પરિણામની ટકાવારી ૮૨.૯૪ છે. આજે ધોરણ – ૧૨ સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જાહેર થયુ છે. વિજ્ઞાન પ્રવાહમાં સૌથી વધુ પરિણામ બનાસકાંઠાના કુંભારિયામાં ૯૭.૨ ટકા આવ્યુ છે. અત્રે નોંધનીય છે કે, ગુજકેટની પરીક્ષામાં અમરેલીની ઓક્સફર્ડ સ્કૂલનો વિદ્યાર્થી સમગ્ર રાજયમાં અવ્વલ આવ્યો હતો.

# ઈફકોના ડીરેકટરની ચૂંટણીમાં જયેશ રાદડીયાની વટ સાથે જીત

અમદાવાદ,તા.૯

ઈફ્કોના ડિરેક્ટરની પસંદગીમાં ભાજપમાં જ એકમત નહીં થતાં ચૂંટણી યોજાઈ હતી. આ જંગ ભાજપનો ભાજપ સામે જ જંગ થયો છે. ભાજપે બિપીન ગોતા (પટેલ)ને મેન્ડેટ આપ્યો હતો. પરંતુ ભાજપના જ ધારાસભ્ય જયેશ રાદડીયાએ પાર્ટીના મેન્ડેટની ઉપરવટ જઈ પોતાની દાવેદારી કરતાં ચૂંટણી જંગ ખેલાયો હતો. આ ચૂંટણીનું આજે પરિણામ જાહેર થયું છે. જેમાં કુલ ૧૮૨ મતમાંથી ૧૮૦ મત પડ્યા હતા. આ ૧૮૦



મતમાંથી જયેશ રાદડીયાને ૧૧૪ મત મળ્યા હતા. જ્યારે તેના નજીકના હરીફ બિપીન ગોતાને ૬૬ મત જ મળ્યા હતા. તેમજ હવે આજરોજ દિલીપભાઈ સંઘાણી ઈફ્કોના ચેરમેન તરીકે બિનહરીફ થશે. ઈફ્કોની આ ચૂંટણીમાં કુલ ૧૮૨ મતદારો હતા અને તેમાંથી ૯૪ જેટલા સૌરાષ્ટ્રના મતદારો હતા. જયેશ રાદડીયાને રાજકોટના સાંસદ મોહનભાઈ કુંડારીયા, દિલીપભાઈ સંઘાણી તેમજ અન્ય સ્થાનિક નેતાઓનું સમર્થન હતું. રાજકોટના ૪૦થી વધુ ઉપરાંત અમરેલીના ૨૯, મોરબીના ૧૨ જેટલા મતદારો પણ રાદડીયાની સાથે હોવાથી તેમની જીત અગાઉથી જ નિશ્ચિત માનવામાં આવતી હતી. ઈફ્કોની ચૂંટણીમાં આજે ૧૮૨ માંથી ૧૮૦ લોકોએ મતદાન કર્યું હતું. જ્યારે બાકી રહેતા બે મતદારો વિદેશ હોવાથી તેમનું મતદાન થાય તેમ ન હતું છતાં મતદાન માટે ચાર વાગ્યાનો સમય હોવાથી ત્યાં સુધી પ્રતિક્ષા કરાયા બાદ મતગણતરી હાથ ધરવામાં આવી હતી.

# સુરતમાં હત્યા કરનારા આરોપીઓ સાવરકુંડલાથી ઝડપાયા

સુરત, તા.૯

સુરતના અમરોલી-કોસાડ આવાસમાં રહેતા સની અતુલ સોલંકી ગત ૬ મેના રોજ રાબેતા મુજબ સવારે ૬ વાગ્યે પત્ની સુમન સાથે શાકભાજી અને ફ્રૂટનો ધંધો કરવા ટેમ્પો લઈ મોટા વરાછાના રામચોક ખાતે ગયાં હતાં. ત્યારે રહેણાંક આવાસની બાજુમાં અલ્પેશ



ભૂપત ઓગણીયા અને તેના પિતા ભૂપત ગગજી ઓગણીયા પણ શાકભાજીનો ધંધો કરતા હોય આ પિતા પુત્રએ સની અને તેની પત્ની સુમનને મોટા વરાછાના રામચોક ખાતે ધંધો કરવા આવવાની ના પાડવાની સાથે જો અહીં ધંધો કરવા આવશો તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ઘરે પહોચ્યા બાદ સનીની પત્ની સુમનબેન ઘરનો દરવાજો બંધ કરી રહી હતી. આ દરમિયાન અલ્પેશ તેના પિતા ભૂપત અને નાનાભાઈ અનિલ તથા દડુ તલવાર અને ચપ્પુ સાથે આવતા જોઈ ચોંકી ગઈ હતી અને તુરંત ઘરના સભ્યોને જાણ કરી હતી. જેથી તમામે ઘરની અંદર જ આવી જઈને હુમલો કર્યો હતો. પિતાને પેટના ભાગે તિક્ષ્ણ હથિયાર વાગતાં આંતરડું બહાર આવી ગયું હતું, જેથી તેનું મોત નિપજ્યું હતું. જ્યારે એક ભાઈને પેટમાં અને બીજાને કાન પાસે હથિયાર વાગતાં સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં હતાં. સમગ્ર મામલે પોલીસ ફરિયાદ થતા અમરોલી પોલીસે તપાસ હાથ ધરી હતી. ત્યારે અમરોલી પોલીસે સાવરકુંડલાના હાથસણી રોડ પરથી આરોપીને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે એક બાળ કિશોર સહિત ચાર આરોપીઓને ઝડપી પાડ્યા છે.




# વિજપડી ગામે યુવકને પગના નળા પર કુહાડીનો ઘા માર્યો

સાવરકુંડલા, તા.૯

સાવરકુંડલાના વિજપડી ગામે રહેતા ખોડાભાઈ નંદાભાઈ વાઘેલા (ઉ.વ.૩૫)એ તેમના જ ગામના હનીફભાઈ મામદભાઈ સંધી તથા અમીનાબેન મામદભાઈ સંધી સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેઓ એકલા રહેતા હતા અને તેઓનું જમવાનું ટિફિન તેના મામાના દીકરાના ઘરેથી આવતું હતું. જેથી આરોપીને સારું નહીં લાગતાં તેની દાઝ રાખી કુહાડીની મુંધરાટીનો એક ઘા પગના નળા પર મારી મુંઢ ઈજા પહોંચાડી હતી.






ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીના ૭૧મા જન્મદિવસે

# વિવિધ સંસ્થાઓ તેમનુ અદકેરૂ સન્માન કરશે

**આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી અને રાજકીય આગેવાનો વિશેષ હાજરી આપશે**

અમરેલી,તા.૯

અમરેલી જિલ્લા માટે સક્રીય કામગીરી કરી જિલ્લાને એક નવી ઉંચાઈએ લઈ જનાર અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્કના ચેરમેન અને ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી ૭૧મા વર્ષમાં પ્રવેશ કરી રહ્યાં છે.

આ પ્રસંગને યાદગાર બનાવવા માટે પ્રગતિ ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટીના ચેરમેન ભાવેશ રાદડીયા અને ડો. ભરત કાનાબાર સંનિષ્ઠ પ્રયાસો કરી રહ્યાં છે. ઈફકોના ચેરમેન અને સહકારી આગેવાન દિલીપભાઈ સંઘાણી આગામી તા.૧૨ના રોજ જયારે ૭૧મા વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યા છે ત્યારે સમયના નાજુક વળાંકે સમગ્ર અમરેલી જિલ્લા અને શહેરના દિલીપભાઈ સંઘાણીના ચાહકો અને તેઓની જીવન સફરના સાક્ષીઓ આ લોકનેતાની



સમર્પિત જિંદગીને જાહેર સન્માન દ્વારા અભિવાદનનો કાર્યક્રમ યોજવામાં આવી રહ્યો છે.

દિલીપભાઈ સંઘાણી વિશે કહેવાય છે કે, સબંધોમાં પોત છતું થઈ જતુ હોય છે. જીવનના વિવિધ સંબંધોમાં પણ તેઓ પોતાની આગવી રીતે ધબકે છે. તેમનું વ્યક્તિત્વ જીવનરસથી છલકાતું રહ્યુ છે. કાર્યકરોના મૂડ પારખવાની તેમની ગજબાની સૂઝ છે. સાડા ચાર દાયકાના રાજકીય જીવન પછી લોકો પર તેમનો જાદુ આજે પણ અકબંધ છે. નમ્રતા અને સૌજન્યશીલતા તેમના વ્યક્તિત્વના ઘરેણા છે.

આપણા જાહેર જીવનનું અજવાળુ દિલીપભાઈ સંઘાણી જેવા દીવડાઓને આભારી છે. સાડા ચાર દાયકાની તેમની આ સફળ જાહેર જીવનની યાત્રાએ તેમની સક્ષમતા અને શક્તિઓ નિશંકપણે પુરવાર કરી છે. આવનારા દિવસોમાં માત્ર અમરેલી જિલ્લાની જ નહી પરંતુ રાષ્ટ્રીય સ્તરે તેમની ભૂમિકા ચાવીરૂપ હશે તેમ ચોકક્સ પણે કહી શકાય તેમ છે ત્યારે તેમનો અભિવાદન સમારોહ તા.૧૨ને રવિવારના રોજ સાંજના ૬ કલાકે ગણેશ પાર્ટી પ્લોટ, લાઠી રોડ અમરેલી ખાતે રાખેલ છે. આ અભિવાદન સમારોહમાં કેન્દ્રીય મંત્રી પરશોતમભાઈ રૂપાલા, મનસુખભાઈ માંડવીયા, નીતિનભાઈ પટેલ, આર.સી.ફળદુ અને ભૂપેન્દ્રસિંહ ચુડાસમા હાજરી રહી કાર્યક્રમનો વૈભવ વધારશે.

## ભારત જાપાનને પછાડીને વિશ્વનો ત્રીજો સૌથી મોટો સૌર ઊર્જા ઉત્પાદક દેશ બન્યો

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૯

સૌર ઊર્જાના ઉપયોગ પર ભાર મૂકવાની સાથે, ભારત ગયા વર્ષે જાપાનને પછાડીને વિશ્વનો ત્રીજો સૌથી મોટો સૌર ઊર્જા ઉત્પાદક બન્યો છે. ગ્લોબલ એનર્જી સેક્ટરમાં કામ કરતી રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ એમ્બરના રિપોર્ટમાં આ વાત કહેવામાં આવી છે. ૨૦૧૫માં



સૌર ઊર્જાના ઉપયોગના સંદર્ભમાં ભારત નવમા ક્રમે હતું. 'ગ્લોબલ ઈલેક્ટ્રિસિટી રિવ્યૂ' નામના રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે વર્ષ ૨૦૨૩માં વૈશ્વિક વીજળી ઉત્પાદનમાં ૫.૫ ટકા સોલાર એનર્જી સ્વરૂપે આવશે. વૈશ્વિક વલણને અનુરૂપ, ભારતે ગયા વર્ષે તેના કુલ વીજળી ઉત્પાદનના ૫.૮ ટકા સૌર ઉર્જામાંથી મેળવ્યા હતા.

"ગ્રીન પાવર ક્ષમતા ઉમેરવી એ માત્ર પાવર સેક્ટરમાં કાર્બન ઉત્સર્જન ઘટાડવા માટે નથી. પરંતુ અર્થતંત્રમાં વીજળીની વધતી જતી માંગને પહોંચી વળવા અને ઉત્સર્જનમાંથી આર્થિક વૃદ્ધિને બેવડી કરવા માટે પણ તે જરૂરી છે."

## ભારતની વસ્તીમાં હિંદુ, પારસી, જૈન ઘટ્યા, મુસ્લિમ, ખ્રિસ્તી, બૌદ્ધ અને શીખોની સંખ્યા વધી

નવીદિલ્હી,તા.૯

ભારતમાં, ૧૯૫૦ થી ૨૦૧૫ સુધીના ૬૫ વર્ષના ગાળામાં બહુમતી હિંદુઓની વસ્તીમાં ભારે ઘટાડો થયો હતો. આ સમયગાળા દરમિયાન દેશની વસ્તીમાં હિંદુઓનો હિસ્સો ૬ ટકા ઘટ્યો હતો. એટલું જ નહીં, પાકિસ્તાન અને બાંગ્લાદેશ જેવા અન્ય દેશોની સરખામણી કરીએ તો ત્યાંની વસ્તીમાં બહુમતી મુસ્લિમોનો હિસ્સો ઝડપથી વધ્યો છે. અભ્યાસ અનુસાર, એક તરફ ભારતમાં હિંદુઓનો હિસ્સો ઘટ્યો છે, તો બીજી તરફ લઘુમતી મુસ્લિમ, ખ્રિસ્તી, બૌદ્ધ અને શીખોની વસ્તી વધી છે.



આ સમયગાળા દરમિયાન હિંદુઓ ઉપરાંત જૈનો અને પારસીઓની વસ્તીમાં પણ ઘટાડો થયો છે.

અભ્યાસ મુજબ આ સમયગાળા દરમિયાન વસ્તીમાં મુસ્લિમોનો હિસ્સો ૫ ટકા વધ્યો છે. આ સિવાય ખ્રિસ્તીઓનો હિસ્સો ૫.૩૮ ટકા અને શીખોનો હિસ્સો ૬.૫૮ ટકા વધ્યો છે. એટલું જ નહીં બૌદ્ધોનો હિસ્સો પણ વધ્યો છે. રિપોર્ટ અનુસાર, ૧૯૫૦માં ભારતની વસ્તીમાં હિંદુઓનો હિસ્સો ૮૪ ટકા હતો. હવે દેશની વસ્તીના ૭૮ ટકા હિંદુઓ છે. ૬૫ વર્ષ પહેલા ભારતની

**ભારતની વસ્તીમાં હિંદુઓનો હિસ્સો ૭.૮ ટકા ઘટ્યો છે**

વસ્તીના ૯.૮૪ ટકા મુસ્લિમો હતા, જે હવે વધીને ૧૪.૦૯ ટકા થઈ ગયા છે. મ્યાનમાર પછી, ભારત આસપાસના દેશોમાં બીજા ક્રમે છે જ્યાં તેની બહુમતી સમુદાયની વસ્તીમાં ઘટાડો થયો છે. મ્યાનમારમાં આ સમયગાળા દરમિયાન બહુમતી બૌદ્ધ સમુદાયની વસ્તીમાં ૧૦ ટકાનો ઘટાડો થયો છે. તે જ સમયે, ભારતની વસ્તીમાં હિંદુઓનો હિસ્સો ૭.૮ ટકા ઘટ્યો છે.

## જીએસટી વસૂલાત માટે કેન્દ્ર બળજબરી ના કરી શકે: કોર્ટ

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૯

સુપ્રીમ કોર્ટમાં ન્યાયમૂર્તિ સંજીવ ખન્ના, એમએમ સુંદરેશ અને બેલા ત્રિવેદીની બેન્ચે કેન્દ્ર સરકારને જીએસટી વસૂલાત માટે ઉદ્યોગપતિઓ સામે સર્ચ અને જપ્તી કામગીરી દરમિયાન 'ધમકી અને બળજબરી'નો ઉપયોગ ન કરવાનો નિર્દેશ આપ્યો હતો અને જણાવ્યું હતું કે તેઓને સ્વૈચ્છાએ બાકી રકમ ચૂકવવા માટે સમજાવવામાં આવે. બેન્ચે નિર્દેશ કર્યો કે જીએસટી કાયદા હેઠળ એવી કોઈ જોગવાઈ નથી કે જે અધિકારીઓને બાકી ચૂકવણી માટે બળ કે ધમકીનો ઉપયોગ કરવાની સત્તા આપે. ખંડપીઠે કેન્દ્ર સરકાર તરફથી હાજર રહેલા એડિશનલ સોલિસિટર જનરલ એસવી રાજુને કહ્યું કે, જીએસટી કાયદા હેઠળ કોઈ



પણ વ્યક્તિને સર્ચ અને જપ્તી દરમિયાન ટેક્સની જવાબદારી ચૂકવવાની ફરજ પાડવાની સત્તા આપવામાં આવી નથી. તમારા વિભાગને કહો કે ચુકવણી સ્વૈચ્છિક રીતે થવી જોઈએ અને કોઈ બળનો ઉપયોગ કરવો જોઈએ નહીં. સલાહ લેવા અને તેની જવાબદારી પૂરી કરવા માટે ત્રણ-ચાર દિવસનો સમય આપવો પડશે.

**વેચવાલીના પગલે સેન્સેક્સમાં ૧૦૦૦ પોઈન્ટનો કડાકો, નિફ્ટીએ ૨૨ હજારનું લેવલ ગુમાવ્યું**

## શેરમાર્કેટના કડાકા વચ્ચે રોકાણકારોએ એક દિવસમાં જ રૂ. ૭ લાખ કરોડની મૂડી ગુમાવી

(એ.આર.એલ),મુંબઈ,તા.૯

વિદેશી રોકાણકારોની વેચવાલી તથા ડેરિવેટિવ્ઝ વીકલી એક્સપાયરીના ભાગરૂપે આજે શેરબજારમાં મોટો કડાકો નોંધાયો છે. સેન્સેક્સ ૧૦૬૨.૨૨ પોઈન્ટ તૂટી ૭૨૪૦૪.૧૭ પર બંધ થયો છે. જ્યારે નિફ્ટીએ ૨૨૦૦૦નું લેવલ તોડી ૩૪૫ પોઈન્ટના કડાકા સાથે ૨૧૯૫૭.૫૦ પર બંધ આપ્યું છે. માર્કેટના કડાકા વચ્ચે રોકાણકારોએ આજે એક દિવસમાં જ રૂ. ૭ લાખ



કરોડની મૂડી ગુમાવી છે. ગઈકાલે એફઆઈઆઈએ ૬૬૦૦ કરોડથી વધુની વેચવાલી નોંધાવી હતી. માર્કેટ બ્રેડ્થ પણ નેગેટીવ થઈ છે. બીએસઈ ખાતે ટ્રેડેડ કુલ ૩૯૪૩ શેરોમાંથી ૯૨૯ સ્ક્રિપ્સ સુધરી હતી. જ્યારે ૨૯૦૨ સ્ક્રિપ્સ ઘટાડે બંધ રહી છે. ૧૬૦ શેરો વર્ષની ટોચે અને ૪૫ શેરો વર્ષના તળિયે પહોંચ્યા હતા. વધુમાં ૩૭૨ સ્ક્રિપ્સમાં લોઅર સર્કિટ અને ૨૨૧ શેરોમાં અપર સર્કિટ લાગી હતી. ગુરુવારે શેરબજારમાં આવેલા ઘટાડા માટે સૌથી વધુ જવાબદાર બે શેરબજારના હેવીવેઈટ એચડીએફસી બેંક અને એલએન્ડટી હતા. ચોથા ક્વાર્ટરમાં અસંતોષકારક પરિણામોને કારણે ગુરુવારે એલએન્ડટીના શેરમાં ૬%નો ઘટાડો થયો હતો. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને આઈટીસીના શેરમાં વેચવાલીનું દબાણ વધવાને કારણે પણ બજાર નબળું પડ્યું હતું. શેરબજારમાં ઘટાડા પાછળના કારણો જોઈએ તો સેન્સેક્સ પેકમાં સામેલ ૩૦ પૈકી માંડ પાંચ સ્ક્રિપ્સ ટાટા મોટર્સ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, એસબીઆઈ, ઈન્ફોસિસ, અને એચસીએલ ટેક્. ૧.૮૬ ટકા સુધી સુધર્યા હતા.

## એર ઈન્ડિયા એક્સપ્રેસે 'સિક લીવ' પર ગયેલા કર્મચારીઓને બરતરફીની નોટીસ આપી

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૯

એર ઈન્ડિયા એક્સપ્રેસના 'સિક લીવ' પર ગયેલા કર્મચારીઓ માટે સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે. વાત જાણે એમ છે કે, એર ઈન્ડિયા એક્સપ્રેસે 'સિક લીવ' પર ગયેલા કર્મચારીઓને નોકરીમાંથી કાઢી મૂક્યા છે. એર ઈન્ડિયાએ આવા કર્મચારીઓને ઓપરેશનમાં ખલેલ પહોંચાડવા અને નિમણૂકના નિયમો અને શરતોનું ઉલ્લંઘન કરવા બદલ દોષિત માનીને બરતરફીની નોટિસ આપી છે. હકીકતમાં ૧૦૦ થી વધુ



ક્રૂ મેમ્બર્સ અચાનક માંદગીની રજા પર જવાને કારણે એરલાઇનને છેલ્લા બે દિવસમાં તેની ૯૦ ફ્લાઈટ્સ રદ કરવી પડી હતી. એર ઈન્ડિયા એક્સપ્રેસના વરિષ્ઠ કેબિન ક્રૂ મેમ્બર્સ પોતાની માંગણીઓને લઈને એક પ્રકારની હડતાળ પર ઉતરી ગયા છે. મંગળવારે જ્યારે એરલાઈન્સની ઘણી ફ્લાઈટ્સ ઉપડવાની હતી ત્યારે છેલ્લી ક્ષણે કેબિન ક્રૂ સભ્યોએ

**બીમાર હોવાની જાણ કરી અને તેમના મોબાઈલ ફોન સ્વિચ ઓફ કરી દીધા હતા**

બીમાર હોવાની જાણ કરી અને તેમના મોબાઈલ ફોન સ્વિચ ઓફ કરી દીધા. જ્યાં સુધી કેબિન ક્રૂનો મુદ્દો ઉકેલાય નહીં ત્યાં સુધી એર ઈન્ડિયા એક્સપ્રેસને તેની કામગીરીમાં વિક્ષેપનો સામનો કરવો પડશે.


ગઈકાલે એર ઈન્ડિયા એક્સપ્રેસની ૭૦ થી વધુ આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. ટાટા ગ્રૂપની એરલાઈનના પ્રવક્તાએ એક નિવેદન જાહેર કરીને દેશવાસીઓને આ જાણકારી આપી છે.

## સંજય રાઉતે પ્રધાનમંત્રીને મહારાષ્ટ્રની માટીમાં દફનાવી દેવાનું નિવેદન કરતા વિવાદ

**જાહેર સભાને સંબોધિત કરતી વખતે પીએમ મોદી માટે અભદ્ર ભાષાનો ઉપયોગ કર્યો**

(એ.આર.એલ),મુંબઈ,તા.૯

શિવસેના યુબીટી નેતા સંજય રાઉતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને લઈને વિવાદાસ્પદ નિવેદન આપ્યું છે. સંજય રાઉતે પીએમ મોદીને મહારાષ્ટ્રની માટીમાં દફનાવી દેવાની ધમકી આપી છે. વાસ્તવમાં, સંજય રાઉતે



અહમદનગરમાં એક જનસભાને સંબોધિત કરતી વખતે આ વિવાદાસ્પદ નિવેદન આપ્યું છે. સંજય રાઉતે પોતાના સંબોધનમાં કહ્યું કે છત્રપતિ શિવાજી મહારાજનો જન્મ મહારાષ્ટ્રમાં થયો હતો અને ઔરંગઝેબનો જન્મ ગુજરાતમાં થયો હતો. તેનો ઈતિહાસ છે, તમે ઈતિહાસ જુઓ. તેમણે કહ્યું કે આ જ કારણ છે કે (ગુજરાતની) માટી ઔરંગઝેબની છે અને તે માટીના આ બે ઉદ્યોગપતિઓ (નરેન્દ્ર મોદી અને અમિત શાહ) છે. સંજય રાઉતે વધુમાં કહ્યું કે તમે ઈતિહાસ જુઓ, ઔરંગઝેબનો જન્મ નરેન્દ્ર મોદીના ગામમાં થયો હતો. અમદાવાદની બાજુમાં દાહોદ નામનું ગામ છે, જ્યાં ઔરંગઝેબનો જન્મ થયો હતો.

## પુંછમાં વાયુસેનાના કાફલા પર થયેલા હુમલામાં પાકિસ્તાનની સંડોવણી ખુલી

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૯

ગયા અઠવાડિયે જમ્મુ-કાશ્મીરના પુંછ વિસ્તારમાં ભારતીય વાયુસેનાના કાફલા પર થયેલા હુમલામાં પાકિસ્તાનની સંડોવણી બહાર આવી છે. હુમલાના આરોપી શંકાસ્પદ આતંકવાદીઓના CCTV ફૂટેજ બુધવારે સામે આવ્યા હતા. લશ્કરના આતંકવાદીઓની ઓળખ અબુ હમઝા, હદૂન અને ઈલ્યાસ ફૌજી તરીકે થઈ છે. આ તમામ લશ્કર-એ-તૈયબાના આતંકવાદી હોવાનું કહેવાય છે. તમને જણાવી દઈએ કે એરફોર્સ પર થયેલા આતંકી હુમલામાં એક જવાન શહીદ થયો હતો અને ચાર ઘાયલ થયા હતા. સુરક્ષાદળોએ આતંકીઓને શોધવા માટે સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે. સૂત્રોનું કહેવું છે કે આ ૩ પાકિસ્તાની આતંકવાદીઓની તસવીરો છે, જેમણે ૪ મે ૨૦૨૪ના રોજ એરફોર્સના કાફલા પર હુમલો કર્યો હતો. તેઓ લશ્કર-એ-તૈયબા જૂથ સાથે સંકળાયેલા છે અને રાજૌરી પુંછ વિસ્તારમાં સક્રિય છે. સૂત્રોનું કહેવું છે કે આ તસવીરોમાંનો એક આતંકી પાકિસ્તાની સેનાનો પૂર્વ કમાન્ડો છે.

## ગુજરાત સહિત દેશમાંથી ટૂરિસ્ટ વીઝા પર લોકોને અમેરિકામાં ઘુસાડવાના કારસાનો પર્દાફાશ

(એ.આર.એલ),વોશિંગ્ટન,તા.૯

ગુજરાત સહિત દેશમાંથી ટૂરિસ્ટ વિઝાના નામે લોકોને લઈ જઈ અમેરિકામાં ઘુસાડવાના વધુ એક ષડયંત્રનો પર્દાફાશ થયો છે. થોડા મહિના પહેલા પણ આખુ વિમાન અમેરિકા પહોચવા માગતા ટૂરિસ્ટોનું ઝડપાયુ હતું તેમને ડિફોલ્ડ કરી પરત ભારત મોકલી દેવામાં આવ્યા હતા. ત્યારે વધુ એક વાર આવું વિમાન જમૈકા ઓરપોર્ટ પરથી ઝડપાયુ છે. જેમાં




૨૫૩ મુસાફરો પૈકી મોટાભાગના ગુજરાતીઓ છે અને અમેરિકા ઘુસણખોરી કરવાની ફિરાકમાં ગયા હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યુ છે. ગુજરાતીઓ સહિત દેશના ઘણા નાગરિકોને અમેરિકામાં ડોલર કમાવવાનો ચસકો ચડ્યો છે અને આ ચસકામાં પરિવારો અમેરિકા પહોચવા માટે મોતને પણ મુઠ્ઠીમાં લઈને ઘર છોડી નીકળી પડે છે. ગુજરાતીઓ અને પંજાબીઓ ખાસ કરીને ડોલર કમાવવા વધુ પ્રમાણમાં અમેરિકા જાય છે. આખુ પ્લેન ભાડે કરી અને અમેરિકામાં ઘુસણખોરીના કારસ્તાન માટે આખેઆખુ પ્લેન ભાડે કરવામાં આવ્યાનો વધુ એક મામલો સામે આવ્યો છે.

# અમરેલીની વિદ્યાગુરૂ સ્કૂલ ઓફ સાયન્સના બે વિદ્યાર્થીઓએ ૯૯.૯૯ પીઆર મેળવ્યા

વિદ્યાર્થીઓને સંસ્થાના ડીરેક્ટરોએ અભિનંદન પાઠવ્યા

અમરેલી,તા.૯

રાજયમાં આજે ધો.૧૨ સાયન્સ અને સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર થયુ હતું તેમજ ગુજકેટની પરીક્ષામાં ૯૯.૯૯ PR સાથે ગુજરાત રાજ્ય પ્રથમ બે વિદ્યાર્થીઓ આદેસરા ઋત્વિક



સુધીરભાઈ અને બુટાણી વેદ ભાવેશભાઈએ અમરેલીનું ગૌરવ વધાર્યું છે. ગુજરાત બોર્ડ પરિણામમાં ૯૯.૯૨



પીઆર સાથે અમરેલી જિલ્લા પ્રથમ આવી ઋત્વિકે સમગ્ર સ્કૂલ પરિવાર તથા શિક્ષકોનું ગૌરવ વધાર્યુ છે.



ઉપરાંત ૧૩ વિદ્યાર્થીઓએ સાયન્સમાં A૧ ગ્રેડ મેળવ્યા તથા ૨૨ વિદ્યાર્થીઓએ A૨ ગ્રેડ મેળવ્યા અને સ્કૂલના કુલ ૧૧૯ વિદ્યાર્થીઓમાંથી ૨૮ વિદ્યાર્થીઓએ ૯૦ PR કરતા વધુ માર્ક્સ મેળવી સમગ્ર ગુજરાત રાજ્યમાં અમરેલી જિલ્લાનું ગૌરવ વધારવા બદલ વિદ્યાગુરૂ સાયન્સ સ્કૂલ પરિવારે તમામ ઝળહળતા તારલાઓને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા તેમ સ્કૂલના ડિરેક્ટર મેહુલ ધોળકિયા, અંકુર ઠુંમર અને જતીન મહેતાએ જણાવ્યું હતું.

OXFORD SCHOOL OF SCIENCE AMRELI

ગુજરાતી માધ્યમ

# ઓકસફર્ડ સ્કૂલ ઓફ સાયન્સ

કાર્યક્ષેત્ર ધો. 6 થી 12 (સાયન્સ/કોમર્સ)

કેરિયા રોડ, સંજોગ ન્યૂઝની બાજુમાં, અમરેલી Ph. - 02792-230010/20, Mo. - 63529 29855

વર્ષ :- ૨૦૨૪

## ધો. 12 સાયન્સ પરિણામમાં ઓકસફર્ડ સ્કૂલ સતત ત્રીજા વર્ષે સમગ્ર અમરેલી જિલ્લામાં ઈતિહાસ સર્જી દીધો

### ગુજકેટ પરીક્ષામાં સમગ્ર ગુજરાત રાજયમાં પ્રથમ ક્રમે



દેવગણિયા જેનિષ

120/120

સીટ નં. - E519794

PR - 99.99

### બોર્ડ પરીક્ષામાં અમરેલી જિલ્લામાં પ્રથમ ક્રમે " ઓકસફર્ડ સ્કૂલ "



વોરા કૃપા

A1 ગ્રેડ

સીટ નં. - B216818

PR - 99.94

### ગુજકેટમાં 115 કે તેથી વધુ ગુણ મેળવનાર સંસ્થાના વિદ્યાર્થીઓ



દુધાત વિદુર 118.75 E520034



સેંજલીયા હર્ષ 118.75 E519685



શિળોજા ઓમ 117.5 E519812



ચકરાણી જેનિલ 116.25 E519872



માથુકિયા પ્રિયાંશી 115.5 E520108



બોડા ભાર્ગવ 115 E519955




માંગરોળિયા જાનકી 115 E519499



સાવલિયા શિવમ 115 E519950

### A1 ગ્રેડ મેળવનાર સંસ્થાના અન્ય વિદ્યાર્થીઓ



A1 ગ્રેડ — માંગરોળિયા જાનકી PR - 99.94 B216342



A1 ગ્રેડ — કાછડિયા રાધિકા PR - 99.70 B216382



A1 ગ્રેડ — કસવાલા ઝીલ PR - 99.64 B216528



A1 ગ્રેડ — દુધાત વિદુર PR - 99.62 B216256



A1 ગ્રેડ — શિળોજા ઓમ PR - 99.31 B216259

| | | |
|---|---|---|
| કુલ વિદ્યાર્થીઓ - 180<br>ઉતિર્ણ - 175 | A1 - ગ્રેડ - 6<br>A2 - ગ્રેડ - 37 | સાયન્સ - A1 ગ્રેડ (300 માંથી 270 ઉપર) વિદ્યાર્થીઓ - 34<br>ગુજકેટમાં - 100 થી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓ - 40 |

### ★ ઓકસફર્ડ સ્કૂલનું ધો. ૧૨ કોમર્સનું શ્રેષ્ઠ પરિણામ ★



A1 ગ્રેડ — નારોલા કૃષિ PR - 99.92 G153586



A1 ગ્રેડ — બુહા કિનારા PR - 99.67 G153217



A1 ગ્રેડ — નાગાણી મુસ્કાન PR - 99.54 G154057



A1 ગ્રેડ — કાછડિયા પ્રિયાંશી PR - 99.20 G153654



A1 ગ્રેડ — ચત્રોલા ધ્રુવ PR - 98.84 G154277

| | | | | |
|---|---|---|---|---|
| કુલ વિદ્યાર્થીઓ - 110 | ઉતિર્ણ - 105 | A1 - ગ્રેડ - 5 | A2 - ગ્રેડ - 22 | 90 UP PR મેળવનાર કુલ વિદ્યાર્થીઓ - 25 |

-: સંસ્થાના માર્ગદર્શકો :-
ગુરૂવર્યશ્રી એચ. એલ. પટેલ સાહેબ, શ્રી પરશોતમભાઈ રૂપાલા

-: શિક્ષકો એ જ સંચાલકો :-
મયૂરભાઈ ગજેરા, નિલેષભાઈ ગજેરા, પ્રહલાદભાઈ વામજા